RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 15* Date: 09.11.2020 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### વડાપ્રધાને કહ્યું- ભારતમાં સમુદ્રી દ્વાર તરીકે ગુજરાત પ્રખ્યાત થઈ રહ્યું છે

## ગુજરાતને પીએમ મોદીની દિવાળી ભેટ: હજીરા-ઘોઘા રો-પેક્સ ફેરીનું ઉદઘાટન



સુરત,તા.૮

પ્રધાનમંત્રી મોદીના ડ્રીમ પ્રોજેક્ટ અને દિવાળી ભેટ રૂપી હજીરા-ઘોઘા રો-પેક્સ ફેરી સર્વિસનું મોદીના હસ્તે વર્ચ્યુઅલ ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સુરતના હજીરા ખાતે મુખ્યમંત્રી રૂપાણી અને મંત્રી મનસુખ માંડવીયા હાજર રહ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાત ભારતમાં સમુદ્રી દ્વાર તરીકે પ્રખ્યાત થઈ રહ્યું છે. સુરતથી સૌરાષ્ટ્ર જવા માટે ૧૦થી ૧૨ કલાકની માર્ગ મુસાફરી કરવી પડે છે. રો-પેક્સ સેવાને કારણે આ મુસાફરી માત્ર ૪ કલાકની થઇ જશે.

મોદીએ જણાવ્યું હતું કે, એક પ્રોજેક્ટથી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ જેમ વધે છે. અને સાથે સાથે ઈઝ ઓફ વિલિંગ પણ વધે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. જે ચાર પાંચ ભાઈ બહેનો સાથે વાત કરી તે જે રીતે અનુભવ શેર કરતા હતા. જે ફાયદાની વાત કરી એ પ્રકારે વેપારમાં જે સુવિધા વધશે, ઝડપ વધશે, ખુશીનો માહોલ છે. આ કનેક્ટિવિટીનો લાભ મળશે. દિવાળીના તહેવારની આ મોટી ભેટ છે.

રો પેક્સથી સોરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનું વર્ષો જૂનુ સપનું પૂર્ણ થયું છે. હજીરામાં નવા ટર્મિનલનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું છે. આ સેવાથી ઘોઘા અને હજીરા વચ્ચે માર્ગનું અંતર ૩૭૦ કિમી છે જે સમુદ્રમાં ૯૦ કિમી હશે. આ અંતર ૧૦થી ૧૨ કલાક થતી હતી જે હવે માત્ર ૪ કલાક થશે. આ સેવાથી માર્ગ પર ટ્રાફિક અને પ્રદુષણ ઓછું થશે. એક વર્ષમાં ૮૦ હજાર વાહનો, ૩૦ હજાર ટ્રક નવી સેવાનો લાભ લઈ શકશે. પેટ્રોલ ડિઝલની બચત થશે. ગુજરાતના મોટા કારોબારી શહેર સાથે સંપર્કથી સૌરાષ્ટ્રના ખેડૂતોને ફળ , શાકભાજી અન દૂધ પહોંચાડવામાં ઝડપ આવશે. સુરક્ષિત રીતે પહોંચાડી શકાશે.

ગુજરાતના સમુદ્ર વેપારને છેલ્લા બે દાયકામાં વધારો કરવામાં આવ્યો છે. આ સાથે પોર્ટને વિકસિત પણ કરવામાં આવ્યા છે. પોર્ટની આસપાસ રહેતા લોકો માટે પણ સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. ગુજરાતના બંદરો વિકસી રહ્યા છે. દહેજ-ઘોઘા રો-રો ફેરીને ફરી શરૂ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ભાવનગર ઘોઘા અને સુરતના હજીરા ખાતે જોડાયેલા વિવિધ વેપારીઓ સાથે મોદીએ સંવાદ કર્યો હતો. સંવાદમાં વેપારીઓએ રો-પેક્સ ફેરીથી થતા ફાયદાઓ અંગે જણાવ્યું હતું. જેમાં મોદીનો વેપારીઓએ રો-પેક્સ સેવાને લઈને આભાર વ્યક્ત કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે, સુરતમાં હીરા અને સૌરાષ્ટ્રમાં હળ બંને તરફથી ફાયદો જ ફાયદો. આ સંવાદમાં ખેડૂત, શાકભાજી-ફળના વેપારી, ડાયમંડ વેપારી અને રત્નકલાકારો સાથે વાતચિત કરી હતી.

આ સેવાથી ઘોઘા અને હજીરા વચ્ચે રસ્તાનું જે અંતર ૩૪૫ કિમી હતી, તે સમુદ્રના રસ્તાથી ૯૦ કિમી થઈ જશે. જે અંતરને કવર કરવા ૧૦ થી ૧૨ કલાલનો સમય લાગતો હતો, હવે તે સફરમાં માત્ર ૩-૪ કલાક લાગશે. સમયની સાથે તે તમારો ખર્ચ પણ બચાવશે. આ ઉપરાંત રસ્તા પરથી જે ટ્રાફિક ઓછું થશે તે પ્રદૂષણ ઘટાડશે. ૮૦ હજાર ગાડી, ૩૦ હજાર ટ્રક આ નવી સર્વિસનો લાભ લઈ શકશે. જેથી પેટ્રોલ-ડીઝલ બચશે. આ કનેક્ટિવિટી આ વિસ્તારના લોકોનું જીવન બદલશે. હવે ખેડૂતોની ફળ-શાકભાજી-દૂધ સુરત પહોંચાડવામાં વધુ સરળતા મળશે. સમુદ્રના રસ્તે પશુપાલકો અને ખેડૂતોના ઉત્પાદન તેજીથી વધુ સુરક્ષિત રીતે માર્કેટ સુધી પહોંચી શકશે. વેપારીઓની સરળતા વધશે. આ સર્વિસ શરૂ કરવામાં અનેક લોકોનું શ્રમ લાગ્યું છે. અનેક ચેલેન્જિસ આવ્યા છે. આ પ્રોજેક્ટ સાથે હું પહેલેથી જોડાયેલો છું. આ કારણે મને એ તમામ સમસ્યાઓની જાણકારી છે. ક્યારેક લાગતું કે મને થશે કે નહિ. આ તમામ બાબતોનું અવલોકન કરીને મહેનત કરી છે. તમામ એન્જિનિયર, શ્રમિકનો આભાર માનું છું. આજે આ હિંમત લાખો ગુજરાતીઓ માટે નવી તક લઈને આવી છે. તેમણે વધુમાં કહ્યું કે, ગુજરાત પાસે સમુદ્રી વેપારની સમૃદ્ધ વિરાસત રહી છે. જે પણ કુદરતી તકલીફો છે તેને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઘોઘા અને દહેજના લોકો જલ્દી જ તેનો લાભ લઈ શકશે. સમુદ્ર વેપાર માટે એક્સપર્ટસ તૈયાર થાય, ટ્રેઈન્ડ મેનપાવર હોય તે બધુ જ ગુજરાત પાસે છે. સાગરમાલા પ્રોજેક્ટ ૫૦૦ થી વધુ પ્રોજેક્ટ પર કામ થઈ રહ્યુ છે. અનેક પૂરા થયા છે. સમુદ્ર જળ માર્ગ હોય કે પછી નદીનો માર્ગ, ભારત પાસે સંશાધન રહ્યા છે અને એક્સપર્ટસની પણ કમી નથી. જળમાર્ગથી થતુ ટ્રાન્સપોર્ટેશન રસ્તા અને રેલ કરતા વધુ સસ્તુ છે. ૨૦૧૪ બાદ જ તેના પર કામ થઈ શક્યું છે.

### ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૮૫ લાખને પાર

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૫,૬૭૪ કેસ, ૫૫૯ દર્દીઓનાં મોત

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોના વાયરસના દરરોજ નોંધાતા આંકડા એક નવો રેકૉર્ડ બનાવે છે. ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૮૫ લાખને પાર થઈ ગઈ છે. જ્યારે કોરોનાને લીધે મૃત્યુ પામનારાઓની સંખ્યા ૧.૨૬ લાખને પાર થઈ ગઈ છે. થોડાક દિવસો પહેલા ચોવીસ કલાકમાં જ્યા ૯૦,૦૦૦થી વધુ કેસો નોંધાતા હતા તેમાં ઘણો મોટો ઘટાડો નોંધાયો હતો અને કોરોનાના સતત વધતા કેસમાં થોડાક સમય માટે આંશિક રાહત મળી હતી અને છેલ્લા કેટલાક દિવસથી ૫૦,૦૦૦ કરતા ઓછા કેસ નોંધાતા હતા. પરંતુ ગઈકાલે એક દિવસ ૫૦,૦૦૦ કરતા વધુ કેસ નોંધાયા બાદ ફરી ઘટાડો નોંધાયો છે. જોકે, દરરોજ નોંધાતા કોરોના પૉઝિટિવ કેસોની સંખ્યામાં પહેલાની સરખામણીમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. સાથે જ એક્ટિવ કેસોની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે અને રિકવરી રેટની ટકાવારીમાં પણ વધારો જોવા મળ્યો છે.

રવિવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડાઓ મુજબ, દેશમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૪૫,૬૭૪ નવા કેસ નોંધાયા છે અને ૫૫૯ દર્દીઓના મોત થયા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસના કુલ ૮૫,૦૭,૭૫૪ કેસ થઈ ગયા છે. જેમાંથી ૫,૧૨,૬૬૫ એક્ટિવ કેસ છે. જ્યારે અત્યાર સુધીમાં ૭૮,૬૮,૯૬૮ કોરોનાના દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૨૬,૧૨૧ લોકો મૃત્યુ પામ્યા છે. દેશમાં મોતનું પ્રમાણ ૧.૫ ટકા છે. જ્યારે રાહત આપતી વાત એ છે કે ભારતમાં હવે રિકવરી રેટ ૯૨.૪ ટકા સુધી પહોંચી ગયો છે.

મહારાષ્ટ્ર રાજ્ય દેશમાં સૌથી વધુ કોરોના પ્રભાવિત છે. પરંતુ અહીં પણ છેલ્લા કેટલાક દિવસમાં કેસમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા ચોવીસ કલાકમાં અહીં નવા ૩,૯૫૯ કેસ નોંધાયા છે અને ૧૫૦ લોકોના મોત થયા છે. જ્યારે ૬,૭૪૮ લોકો છેલ્લા ચોવીસ કલાકમાં સારવાર બાદ સાજા થયા છે. આ સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧૭,૧૪,૨૭૩ થઈ ગયો છે. તેમાંથી ૧,૦૦,૦૬૮ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં કુલ ૪૫,૧૧૫ લોકો મૃત્યુ પામ્યા છે અને ૧૫,૫૯,૦૯૦ લોકો સારવાર બાદ સાજા થયા છે.

ગુજરાતમાં પણ છેલ્લા ઘણા દિવસોથી કોરોના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. એક તબક્કે રોજ ૧૦૦૦થી વધારે કેસો નોંધાતા હતા પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી નવા કેસની સંખ્યા ૧૦૦૦ની અંદર



આવી ગઈ હતી. પણ આજે ફરી એકવાર ૧૦૦૦ કરતા વધુ કેસ નોંધાયા છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૧,૦૪૬ નવા કેસ નોંધાયા હતા અને ૫ લોકોના મોત થયા હતા. જ્યારે ૯૩૧ દર્દીઓ છેલ્લા ચોવીસ કલાકમાં સારવાર બાદ સાજા થયા છે. આ સાથે જ રાજ્યમાં સંક્રમિતોનો આંકડો ૧,૭૯,૬૭૯ થઈ ગયો છે. જેમાંથી ૧૨,૧૪૬ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં કુલ ૩,૭૫૬ લોકોના મોત થયા છે અને ૧,૬૩,૬૪૦ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. નોંધનીય છે કે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ૈંઝસ્ઇ)ના આંકડાઓ મુજબ, ભારતમાં સાત નવેમ્બર સુધીમાં કોરોનાના ૧૧,૭૭,૩૬,૭૯૧ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. જ્યારે છેલ્લા ચોવીસ કલાકમાં એટલે કે, શનિવારે ૭ નવેમ્બરે ૧૧,૯૪,૪૮૭ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. તમામ રાજ્યોમાં કોરોના ટેસ્ટિંગની સંખ્યા વધારવા પર ખાસ ભાર મુકવામાં આવી રહ્યો છે.

## જીત બાદ મંચ પર દોડીને આવી બોલ્યા બાઈડેન- હું તોડનારો નહીં જોડનારો રાષ્ટ્રપતિ બનીશ

વોશિંગટન,તા.૮

અમેરિકાના પ્રેસિડન્ટ તરીકે પસંદ થયેલા ૭૭ વર્ષના જો બાઈડેનએ રાત્રે જીત પછી એક જનસભાને સંબોધિત કરી હતી. તેઓ દોડતા-દોડતા મંચ સુધી પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે ચૂંટણી પ્રચાર દરમિયાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ તેમના પર વયોવૃદ્ધનો આરોપ લગાવ્યો હતો. બાઈડને કહ્યું કે રાષ્ટ્રપતિ તરીકે હું આ દેશને વહેંચવાની જગ્યાએ એકજૂથ કરીશ. ૨૦ જાન્યુઆરીએ શપથ લીધા બાદ બાઈડન અમેરિકાના ૪૬માં રાષ્ટ્રપતિ હશે. અમેરિકન રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડેમોક્રેટ પાર્ટીના ઉમેદવાર જો બાઈડને શનિવારે રિપબ્લીકન પાર્ટીના પોતાના હરિફ ડોનાલ્ડ ટ્રમ્પને હરાવ્યા હતા. તેમણે રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં તેમને ભારે હાર ચખાડી છે. ત્યારબાદ અમેરિકાને સંબોધન કરતા જો બાઈડેને કહ્યું કે હું વચન આપું છું કે,

હું તોડનારો નહીં પણ જોડનારો રાષ્ટ્રપતિ બનીશ. જો બાઈડેને ચૂંટણીમાં ડેમોક્રેટ અને રિપબ્લિકનના લાલ અને બ્લૂ રંગમાં રંગાયેલા અમેરિકાના નકશા પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે હું એવો રાષ્ટ્રપતિ બનીશ જે લાલ અને બ્લૂ રંગમાં રંગાયેલા અમેરિકન પ્રાંતોને નથી જોતા ફક્ત અમેરિકાને જુએ છે. અમેરિકમાં પસંદગી પામેલા રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે આ દેશની જનતાએ અમે સ્પષ્ટ જીત આપી છે. અમે અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સૌથી વધારે મતથી જીત્યા છીએ. જો બાઈડેને પોતાના સંબોધનમાં પોતાના પ્રતિસ્પર્ધી ડોનાલ્ડ ટ્રમ્પનો ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું કે તમારા માંથી જે લોકોએ ટ્રમ્પને વોટ આપ્યા છે તેમની નિરાશા હું સમજુ છું.

આવો આપણે એક બીજાને એક તક આપીએ. આ જ એ સમય છે કે આપણે આકરા ભાષણ અથવા વાકપટુતાને અલગ રાખીએ. તમારી વચ્ચેની નિરાશા ઓછી થાય. આપણે એક બીજાને ફરીથી મળીએ અને સાંભળીએ. આ પહેલા જો બાઇડને એક ટ્વીટ પણ કર્યું હતું. તેમાં તેઓએ લખ્યું હતું કે, અમેરિકા, હું ગૌરવ અનુભવું છું કે આપે મને આ મહાન દેશનું નેતૃત્વ કરવા માટે પસંદ કર્યો. આપણું આગામી કામ કઠિન હશે, પરંતુ આપને વાયદો કરું છું કે હું તમામ અમેરિકોનો રાષ્ટ્રપ્રમુખ બનીશ- ભલે તમે મને વોટ આપ્યો છે કે નહીં. આપે મારા પ્રત્યે જે વિશ્વાસ વ્યક્ત કર્યો છે તેની પર હું કાયમ રહીશ.

## ઉત્તરથી મધ્ય ભારતના મહત્તમ શહેરોમાં લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી નજીક પહોંચ્યું

ન્યુ દિલ્હી,તા.૮

ભારતના મેદાની વિસ્તારોમાં પણ હવે શિયાળાની ઠંડીનો અનુભવ થવા લાગ્યો છે. ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતના મોટાભાગના શહેરોના લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં શિયાળાની ઠંડીના પડઘમ શરૂ થઈ ગયાં છે. શુક્રવારે દિલ્હી, પતિયાલા, ચંડીગઢ જેવા શહેરોમાં લઘુતમ તાપમાન હવે ૧૦થી ૧૧ ડિગ્રી વચ્ચે નોંધાવા લાગ્યું છે.

પૂણે સ્થિત ભારતીય હવામાન વિભાગના વડા અનુપમ કશ્યપીએ જણાવ્યું હતું કે, હવે દેશના મેદાની વિસ્તારોમાં રાતના તાપમાનમાં ઘટાડો નોંધાવા લાગ્યો છે. હિમાલયના રાજ્યોમાં બરફવર્ષાના કારણે ઉત્તરમાંથી આવતા કાતિલ ઠંડા પવનો હવે ઉત્તર ભારત, મધ્ય ભારત અને પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો કરવા લાગ્યાં છે.

દિલ્હી, એનસીઆર, ગાઝિયાબાદ અને ગુરુગ્રામની આસપાસનાં વિસ્તારોમાં હવાનું પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. દિલ્હી, એનસીઆર, ગુરુગ્રામ, ગાઝીયાબાદનાં આકાશમાં ધુમાડાનાં કાળા ડિબાંગ વાદળો છવાયા છે. જેને પરિણામે લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી છે. વિઝિબિલિટી ઘટતા વાહનચાલકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. અર્થ સાયન્સ મંત્રાલયનાં જણાવ્યા મુજબ હવાનાં પ્રદૂષણમાં લોકોને તત્કાળ રાહત મળવાનાં કોઈ અણસાર નથી. આગામી બે કે ત્રણ દિવસ વાયુ પ્રદૂષણ ગંભીરમાં ગંભીર અને ખરાબમાં ખરાબ સ્તરે પહોંચી શકે છે. પંજાબ, હરિયાણા અને ઘઉં પકવતા અન્ય રાજ્યોમાં પરાળી સળગાવવાનું ઘટે તો જ આ સમસ્યામાં લોકોને રાહત મળી શકે તેમ છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૦૨૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૧૮૦૬૯૯**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૦૭**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૮૧૯**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૧૬૪૬૯૬**

## જમ્મુ-કાશ્મીર: ઘૂસણખોરીના પ્રયાસ નિષ્ફળ, ૩ આતંકવાદી ઠાર તો, ૩ જવાન શહીદ

શ્રીનગર,તા.૮

જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના માછિલ સેક્ટરમાં સરહદ પર શંકાસ્પદ હલચલ જોવા મળ્યા બાદ સેના દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ૩ આતંકી ઠાર થયો છે. આ દરમિયાન સેનાના ૪ જવાન પણ શહીદ થયા છે.

માછિલ સેક્ટરમાં આતંકીઓ દ્વારા ઘૂસણખોરીનો પ્રયાસસેના દ્વારા મળતી માહિતી મુજબ,જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના માછિલ સેક્ટરમાં નિયંત્રણ રેખાની પાસે ઘૂસણખોરી દરમિયાન આતંકવાદીને ઠાર કરવામાં આવ્યો છે. તે જ સમયે, સીમા સુરક્ષા દળના ૩ જવાન શહીદ થયા હતા.

સેનાના પ્રવક્તા કર્નલ રાજેશ કાલિયાનું નિવેદન. સેનાના પ્રવક્તા કર્નલ રાજેશ કાલિયાએ જણાવ્યું હતું કે, ૭ અને ૮ નવેમ્બરની રાત્રો સેનાની એક પેટ્રોલીંગ ટીમે આતંકવાદીઓને ઘુસણખોરી કરતા જોયા હતા. ત્યારબાદ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન કોન્સ્ટેબલ સરકાર શહીદ થયા હતા અને એક આતંકવાદી પણ ઠાર થયો હતો. આ સમય દરમિયાન આતંકવાદી પાસેથી એકે ૪૭ રાયફલ અને બે બેગ મળી આવ્યા હતા.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે, માછીલ સેક્ટર (ઉત્તાર કાશ્મીરના કુપવાડા જિલ્લા) માં નિયંત્રણ રેખાની બાજુમાં પેટ્રોલિંગ કરી રહેલી ટીમને માહિતી મળી હતી જે બાદ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. ૭-૮ નવેમ્બરની રાત્રે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

# ૧ જાન્યુઆરીથી જૂનાં વાહનો માટે ફાસ્ટેગ બનશે ફરજિયાત




કેન્દ્ર સરકારે ડિસેમ્બર ૨૦૧૭ પહેલાં ખરીદેલા તમામ જૂનાં ફોર-વ્હીલર્સ માટે ફાસ્ટેગ ફરજિયાત બનાવી દીધો છે. સરકારે એમ અને એન કેટેગરીના જૂનાં વાહનો માટે ૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં ફાસ્ટેગ રાખવાનું ફરજિયાત બનાવ્યું છે. આ નવો નિયમ ૧ એપ્રિલ ૨૦૨૧થી અમલમાં આવશે. આ નિયમ ફોર્મ ૫૧ (વીમાનું પ્રમાણપત્ર)માં સુધારો કરીને બનાવવામાં આવ્યો છે. સરકારે આ સંદર્ભે નોટિફિકેશન પણ બહાર પાડ્યું છે. સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન મુજબ, ફેસ્ટેગ હવે ૧ જાન્યુઆરી, ૨૦૨૧ એટલે કે ૧ ડિસેમ્બર, ૨૦૧૭ પહેલાં વેચાયેલાં મોટર વાહનો (ફોર વ્હીલર્સ)નાં સીએમવીઆર, ૧૯૮૯માં સુધારો કરીને ફાસ્ટેગ ફરજિયાત બનાવી દીધું છે.

ફોર વ્હીલર્સ માટે રજિસ્ટ્રેશન વખતે જ ફાસ્ટેગને ફરજિયાત બનાવી દેવામાં આવ્યું છે અને ઓટોમોબાઈલ કંપનીઓ અથવા તેમના ડીલર્સને તેની સપ્લાય કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આ ઉપરાંત, ૧ ઓક્ટોબર ૨૦૧૯થી રાષ્ટ્રીય પરમિટ વાહનો માટે ફાસ્ટેગ ફીટ કરવાનું ફરજિયાત કરાયું છે. સરકારનો હેતુ ટોલ પ્લાઝાને સંપૂર્ણ રીતે ડિજિટલ કરવાનું છે. તેનાથી ઘણી પોઝિટિવ અસર જોવા મળી શકે છે. જ્યારે ડિજિટલ ટોલ હશે તો રેવન્યૂમાં પણ નુકસાન નહીં થાય અને દેશભરમાં મોટી માત્રામાં પેટ્રોલ (પેટ્રોલ અને ડીઝલ અથવા ગેસ)નો વપરાશ પણ ઘટશે. ફાસ્ટાગ એ ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન ટેક્નોલોજી છે. તેમાં રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશનનો ઉપયોગ થાય છે. ફાસ્ટાગ એ રિચાર્જ કરવામાં આવતું પ્રિપેડ ટેગ છે, જે તમારે તમારા વાહનની વિન્ડશિલ્ડ પર અંદરની બાજુ મૂકવું પડશે.

જ્યારે તમારું વાહન ટોલ પ્લાઝાની નજીક આવશે ત્યારે ટોલ પ્લાઝા પરનું સેન્સર તમારા વાહનની વિન્ડસ્ક્રીન પરના ફાસ્ટાગને ટ્રેક કરે છે. ત્યારબાદ ટોલ પ્લાઝા પર વસૂલવામાં આવતી ફી તમારા ફાસ્ટટેગ અકાઉન્ટમાંથી કાપવામાં આવે છે. આ રીતે તમે ટોલ પ્લાઝા પર રોકાયા વિના ફી ચૂકવી શકો છો. વાહનમાં લાગેલું આ ટેગ તમારા પ્રિપેડ ખાતું એક્ટિવ થતાં જ પોતાનું કામ કરવાનું શરૂ કરી દેશે. તેમજ, જ્યારે તમારા ફાસ્ટેગ અકાઉન્ટમાં રહેલી રકમ પૂરી થઈ જશે તો તમારે તું ફરીથી રિચાર્જ કરાવવું પડશે. એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ, એચડીએફસી, એક્સિસ બેંક જેવી દેશની લગભગ બધી મોટી સરકારી અને ખાનગી બેંકો ફાસ્ટેગ લઈ શકે છે. ફાસ્ટેગ એમેઝોન અથવા પેટીએમથી પણ ખરીદી શકાય છે. મોટા પેટ્રોલ પંપ પર પણ ફાસ્ટેગ ખરીદવાની સુવિધા છે. તેમજ, એનએચએઆઈ દ્વારા ફાસ્ટેગની ફ્રી સુવિધા માટે તમામ ટોલ પ્લાઝા પર વેચાણ કેન્દ્રો ગોઠવવામાં આવ્યા છે.

# બિહાર એક્ઝિટ પોલના આંકડા સામે આવતા કોંગ્રેસના સુરજેવાલા અને અવિનાશ પાંડે મેદાનમાં

ન્યુ દિલ્હી,તા.૮

બિહારમાં વોટિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જે રીતે એક્ઝિટ પોલના પરિણામ સામે આવ્યા છે. ત્યારબાદ કોંગ્રેસ નેતૃત્વ ખાસ્સું ઉત્સાહિત દેખાય છે. આ જ કારણ છે કે પાર્ટી આગળની તૈયારીને લઈ મંથનમાં લાગી ગઈ છે. કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ કોંગ્રેસ મહાસચિવ રણદીપ સિંહ સુરજેવાલા અને અવિનાશ પાંડે ને મહત્વની જવાબદારી સોંપી છે. બંને નેતાઓને બિહારના સુપરવિઝન તરીકે નિમણૂક કર્યા છે. બિહાર વિધાનસભા ચૂંટણીમાં ત્રીજી અને છેલ્લાં તબક્કાની ચૂંટણી બાદ હવે તમામની નજર ૧૦ નવેમ્બર પર ટકેલી છે, જ્યારે મતગણતરીની સાથે પ્રજાના નિર્ણય સામે આવશે.

આ બધાની વચ્ચે તમામ પ્રમુખ રાજકીય દળ આગળની રણનીતિ બનાવામાં લાગી ગયા છે. ખાસ કરીને કોંગ્રેસ હાઈકમિશને અગત્યના નિર્ણય લેતા પાર્ટી મહાસચિવ રણદીપ સિંહ સુરજેવાલા અને અવિનાશ પાંડેને બિહારના સુપરવાઈઝર તરીકે નિમણૂક કર્યા છે. બંને નેતા આજે પટના પહોંચશે. બિહાર ચૂંટણી પરિણામો બાદની સ્થિતિ પર કેન્દ્રીય નેતૃત્વ સાથે વાતચીત કરશે અને જે પણ નિર્ણય થશે તે લેશે. બિહાર ચૂંટણીને લઈ અત્યાર સુધી સમે આવેલા કેટલાંય એક્ઝિટ પોલ્સમાં એનડીએના મુકાબલે મહાગઠબંધનની સ્થિતિને મજબૂત ગણાવી છે. ટાઈમ્સ નાઉ-સી વોટર એ એનડીએને ૧૧૬ અને મહાગઠબંધનને ૧૨૦ સીટોની ધારણા વ્યકત કરી છે. ટુડેઝ ચાણક્યા એ એનડીએને ૫૫ સીટો અને મહાગઠબંધનને ૧૮૦ સીટો મળવાનો અંદાજો વ્યકત કર્યો છે. પબ્લિકન-જનની વાત કરીએ તો એનડીએને ૯૧થી લઈ ૧૧૭, એબીપી-સીવોટરને ૧૦૪થી લઈ ૧૨૮ અને ટીવી૯ ભારતવર્ષ એ ૧૧૦થી ૧૨૦ સીટોની વાત કહી છે. ઈન્ડિયા ટુડે-એક્સિસ-માય-ઈન્ડિયાના એક્ઝિટ પોલના મતે બિહારમાં મહાગઠબંધનને ૧૩૯ થી ૧૬૧ સુધીની સીટો મળી શકે છે. એનડીએ ૧૦૦થી પણ ઓછી સીટો પર સમેટાઈ શકે છે એટલે કે નીતીશ કુમારની સત્તામાંથી વિદાય દેખાઈ રહી છે. એક્ઝિટ પોલના મતે આ વખતે એનડીએ માત્ર ૬૯ થી ૯૧ સીટોની વચ્ચે જ સમેટાઈ શકે છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક...સાહિત્ય સરિતા..

फ्रांस में जिस शिक्षक की गला काट कर हत्या कर दी गयी उसके अंतिम क्रिया के समय मे फ्रांस के राष्ट्रपति खुद आकर खड़े हुए....

राष्ट्रपति सिर्फ यहां खड़े नहीं हुए हैं बल्कि... उनके जवाब से पूरी दुनिया के इस्लामिक देशों में हलचल है...

जिस कार्टून की वजह से हत्या हुई.. उस कार्टून को हर शहर, गली, मुहल्ले की दीवाल पर लगवाया गया है..

शहरों की बिल्डिंगों पर प्रोजेक्टर के माध्यम से विशालकाय कार्टून प्रदर्शित किए जा रहे हैं...

जवाब सिर्फ ये नहीं है.. बल्कि पूरे फ्रांस में सड़कों पर भारी भीड़ हाथों में उस कार्टून को लेकर उतर रही है...

इस्लाम का विरोध जनांदोलन बन चुका है...

इतना समर्थन देखकर...नए विधेयक पास किये जा रहे हैं जो इस्लाम के खिलाफ होंगे...

मस्जिदों को भी बंद किये जा रहे हैं...और सैकड़ों मुल्ले मौलवियों की गिरफ्तारी की जा चुकी है....

इस्लाम के खिलाफ किसी देश मे इस तरह की इतनी बड़ी कार्रवाई अब तक नहीं की गई है...

इसके वजह से सभी मुस्लिम देशों में फ्रांस के विरोध में ट्विटर हैशटैग चलाये जा रहे है... जिससे फ्रांस को कोई फर्क नहीं पड़ता...

काश अपने देश के नेताओं में फ्रांसीसी राष्ट्रपति जैसा जिगर होता... और वहां की जनता की तरह यहां की जनता भी एकजुट होती...

७० साल में हिंदू नहीं समझा कि एक परिवार देश को मुस्लिम राष्ट्र बनाना चाहता है।

५ साल में मुसलमान समझ गया कि अब हिन्दू भारत को हिन्दुराष्ट्र बनाना चाहता हैं।

देश के दो टुकड़े कर दिए गये, मगर कहीं से कोई आवाज नहीं आई???

आधा कश्मीर चला गया कोई शोर नहीं???

तिब्बत चला गया कहीं कोई विद्रोह नहीं हुआ

आरक्षण, एमरजेंसी, ताशकंद, शिमला, सिंधु जैसे घाव दिए गये मगर किसी ने उफ्फ नहीं की

2G स्पेक्ट्रम, कोयला, CWG, ऑगस्टा वेस्टलैंड, बोफोर्स जैसे कलंक लगे मगर किसी ने चूँ नहीं की

वीटो पावर चीन को दे आये कहीं ट्रेन नहीं रोकी.

लाल बहादुर जैसा लाल खो दिया किसी ने मोमबत्ती जलाकर सीबीआई जाँच की मांग नहीं की

माधवराव, राजेश पायलट जैसे नेता मार दिये, कोई फर्क नहीं

परंतु जैसे ही गौ मांस बंद किया, प्रलय आ गई..

जैसे ही राष्ट्रगान अनिवार्य किया चीख पड़े..

वंदे मातरम्, भारत माता की जय बोलने को कहा तो जीभ सिल गई. ??

नोटबंदी, रुझ पर तांडव करने लगे..

आधार को निराधार करने की होड़ मच गई..

अपने ही देश में शरणार्थी बने कश्मीर के पंडितों पर किसी को दर्द नहीं हुआ..

रोहिंग्या मुसलमानों के लिये दर्द फूट रहा हैं।

किसी ने सच ही कहा था:

देश को डस लिया ज़हरीले नागों ने, घर को लगा दी आग घर के चिरागों ने।

विचार करना...... पिछली सरकार ने हिन्दूओं को नामर्द बना दिया है

आतंकवाद के कारण कश्मीर में बंद हुए व तोड़े गए कुल ५० हजार मंदिर खोले व बनवाये जाएंगे।

- केंद्रीय मंत्री किशन रेड्डी

बहुत अच्छी खबर है, पर ५० हजार? ये आंकड़ा सुनकर ही मन सुन्न हो गया।

एक चर्च की खिड़की पर पत्थर पड़े या मस्जिद पर गुलाल पड़ जाए तो मीडिया सारा दिन हफ्तों तक बताएगी पर एक दो या एक हजार नहीं, बल्कि पूरे ५० हजार मंदिर बंद हो गए, इसकी भनक तक किसी हिन्दू को न लगी ? ??पहले हिन्दुओं को घाटी से जबरन भगा देना, फिर हिंदुत्व के हर निशान को मिटा देना, सोचिए कितनी बड़ा षड्यंत्र था..

पूरी घाटी से पूरे धर्म को जड़ से खत्म कर देने का ?

अगर मोदी सरकार न आती तो शायद ही ये बातें किसी को पता चलती !??

वामपंथी पत्रकारों, मुस्लिम बुद्धिजीवियों और कांग्रेस और उसके चाटुकारों ने कभी इस मुद्दे को देश के समक्ष क्य

यह है कांग्रेस की उपलब्धि और वामपंथी पत्रकारों और मुस्लिम बुद्धिजीवियों की चतुराई कि आम हिन्दू अपने इतिहास से अनभिज्ञ रहा। ??

ऐसा लगता है कि पूरी कायनात जैसे साज़िशें कर रही थी और इतनी शांति से कि हमें पता न चले। ??

जरा भी हिन्दुत्व को मानते हो तो शेयर जरूर करना,,

---

સિનિયર સીટીઝન્સ, સાવધાન, સાવધાન, સાવધાન

રેલવે દ્વારા ઓનલાઇન ટ્રાવેલિંગ ટિકિટ બુક કરવા માટે IRCTC એ

જે યાત્રી કન્સેશન જતું કરવા માંગતા હોય અથવા તો જે યાત્રીઓ કન્સેશન લેવાનું ચાલુ રાખવા માંગતા હોય

એવા ૨ વિકલ્પોવાળું નવું છેતરામણું અને કન્ફ્યુઝીંગ ફોર્મેટ અપનાવેલ છે જેમાં..

૧) OK વિકલ્પ કન્સેશન જતું કરવા માટેની સંમતિ

) CANCEL વિકલ્પ કન્સેશન લેવા માંગું છું ની સંમતિ સૂચવે છે.

હાલમાં ૬૦ વર્ષથી વધારે ઉંમરના પુરુષો માટે આ કન્સેશન ૪૦% છે અને

૫૮ વર્ષથી વધારે ઉંમરની મહિલાઓ માટે ૫૦% છે

દેખીતી રીતે સામાન્ય સમજ એવી હોય કે

OK નો મતલબ કન્સેશન ચાલુ રાખવા માટે અને CANCEL નો મતલબ કન્સેશન જતું કરવા માટે જ હોય

પણ સરકાર કે રેલવે ખાતાએ ઓનલાઇન ટ્રાવેલિંગ ટિકિટ બુકિંગમાં આ સામાન્ય સમજણનો ઈરાદાપૂર્વકનાં વિકલ્પોનાં શબ્દો મૂકેલા છે...

જો OK ને બદલે YES

અને CANCEL ને બદલે NO

શબ્દોનો ઉપયોગ કર્યો હોત તો આ ગેરસમજણ કે ઈરાદાપૂર્વકનાં ગોટાળો નિવારી શકાયો હોત..

એક વખત ભૂલથી પણ OK કલીક થયું એટલે યાત્રીનું કન્સેશન કાયમ માટે જતું રહે

અને એ રીતે સરકાર/રેલવેને કાયમનો ફાયદો અને યાત્રીને કાયમનું નુકસાન થઈ જાય...

તો હવે જ્યારે પણ ઓનલાઈન ટ્રાવેલિંગ બુકિંગ કરો કે કરાવો ત્યારે સાવધાની રાખવા દરેકને વિનંતી

તમારે સિનિયર સિટિઝન ના ડિસ્કાઉન્ટ નો લાભ લેવો હોય તો તમારે CANCLE પર ક્લિક કરવાનું છે..

અને...

તમારે સિનિયર સિટિઝન ના ડિસ્કાઉન્ટ નો લાભ જતો કરવો હોય તો તમારે OK પર ક્લિક કરવાનું છે.

આ મેસેજ આપનાં ગ્રુપ, મિત્રો અને સગાંવહાલાઓને શક્ય એટલો વધારે સર્ક્યુલેટ કરી જાગૃતિ લાવવા વિનંતી..

---

આનંદમ્ પરમ સુખમ્

એક સાહિત્યપ્રેમી ગ્રુપ દર મહિનાના પહેલા શનિવારે મળે, સાહિત્યની વાતો કરે. પછી એક વિષય નકી કરે અને આવતી બેઠકમાં બધા એ વિષય પર પોતાના વિચારો લખીને લાવે અંતે રજૂ કરે. આ વખતની બેઠકમાં માઈક્રોફિક્શનની વાત થઈ. બને એટલા ઓછા શબ્દોમાં પોતાની વાત ચોટદાર રીતે કહેવી. આવતા વખતનો વિષય નક્કી થયો આનંદમ્ પરમ સુખમ.

બધા આ વિષય પર ઓછામાં ઓછા શબ્દોમાં સમજાવવું.

એક મહિનો વીતી ગયો અને સાહિત્યપ્રેમી ગ્રુપની બેઠકમાં આજે 'આનંદમ પરમ સુખમ' પર બધાએ પોતાના વિચારો રજૂ કરવાનું શરૂ કર્યું. આનંદમ પરમ સુખમ એટલે?

એક આધેડ ઉમરના કાકા બોલ્યા, ઘરે પહોંચું તો ★ઓછું જોઈ શકતી મારી વૃદ્ધ મા મારી આહટ ઓળખીને કહે આવી ગયો દીકરા.... એટલે'આનંદમ પરમ સુખમ.'

એક યુવાન બોલ્યો, કંઈ વાંધો નહિ, બીજી નોકરી મળી જશે કહેતો...પત્નીનો હિંમત આપતો અવાજ એટલે 'આનંદમ પરમ સુખમ'.

એક પિતાએ કહ્યું, કંઈ જ કહ્યા વિના બધું સમજી જતું સંતાન એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક ભાઈએ કહ્યું, રોજ ઈશ્વર સમક્ષ કોઈ માગણી વિનાની પ્રાર્થના એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક કાકીએ કહ્યું, રોજ જમતી વખતે આ પ્રભુકૃપા જ છે એનો અહેસાસ એટલે 'આનંદમ પરમ સુખમ'.

એક કાકા બોલ્યા, વહેલી સવારે મોર્નિંગ વોક પર પાછળથી ધબ્બો મારી... અલ્યા રસીકયા.... કહી વર્ષો પછી મળનાર જૂનો મિત્ર એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક દાદા બોલ્યા, પૌત્રના સ્વરૂપમાં મળી જતો એક નવો મિત્ર એટલે 'આનંદમ્ પરમ સુખમ. '

બીજા કાકામે કહ્યું, સાસરે ગયેલી દીકરીની ખોટ પૂરી દેતી વહુનો મીઠો રણકો એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક યુવતી બોલી, ઓફિસેથી ઘરે પહોંચતાં સાસુમાએ આપેલો પાણીનો ગ્લાસ એટલે 'આનંદમ પરમ સુખમ'.

એક મહિલાએ કહ્યું, થાકી ગયાં હોઈએ. ત્યારે વહાલથી પતિનું કહેવું કોઈ એક વસ્તુ બનાવ ચાલશે એટલે 'આનંદમ પરમ સુખમ.'

એક ભાઈએ કહ્યું, પથારીમાં પડતાંવેત આંખ ક્યારે મીચાઈ જાય એ ખબર પણ ન પડે એટલે 'આનંદમ પરમ સુખમ'.

આ બધાં 'આનંદમ પરમ સુખમ' ની વાતોમાં ક્યાંય પૈસા, મોંઘાં વસ્ત્રો કે દાગીના કે અન્ય ચીજો નથી એ ધ્યાનથી જોજો અને આવી કેટલીયે 'આનંદમ પરમ સુખમ' ની ક્ષણો તમારી પાસે છે એ તપાસી ઈશ્વરનો આભાર ચોક્કસ

---

કચ્છ મા બળદિયા ગામ છે.
ગામ આવે એટલે
કંડક્ટર ફરજ નિભાવે
બળદિયા ઊતરો...
બધા "બળદિયાના" ઉતરી જાય,
તુલસીશ્યામથી ધારી જતા રસ્તામાં આવે છે 'દોઢી' નેસડો. ગામ આવે એટલે
કંડક્ટર ફરજ નિભાવે
'હાલો... દોઢીના હોય ઈ ઉતરી જાય..
અને ત્યાં ઉતરવા વાળા પણ પ્રેમથી હસતા હસતા બસમાંથી ઉતરી જાય...
જુનાગઢ ની બાજુ મા
ભૂતડી ગામ છે, ગામ આવે એટલે
કંડક્ટર ફરજ નિભાવે
"ભૂતડી" ના હોય ઇ ઉત્તરી જાય...
પોરબંદર ની બાજુ મા હર્ષદગામ ની બાજુ મા
ગાંગડીનુ પાટીયુ ગામ છે.
ગામ આવે એટલે
કંડક્ટર ફરજ નિભાવે છે...
હાલો "ગાંગડીના"હોય ઇ ઉત્તરો
એટલે મુસાફર હસ્તા
હસ્તા ઉત્તરી જાય
આ તો આપણી માતૃભાષાછે
મોજ એ મોજ

---

દિવાળી તું કયાં ખોવાઇ ગઇ
હું શોધુ તને ગલી ફળિયામાં,
તું ખોવાઇ ગઇ સીમલા મનાલીમાં....
હું શોધુ તને ટમટમતા દિવડામાં,
તું ખોવાઇ ગઇ ઝગમગતી રોશનીમાં...
હું શોધુ તને ફળિયાની રંગોળીમાં,
તું ખોવાઇ ગઇ બ્લોકસની ડિઝાઇનમાં...
હું શોધુ તને સાકરની મીઠાસમાં,
તું ખોવાઇ ગઇ ડ્રાયફ્રુટસની ખારાશમાં..
હું શોધુ તને મંદિરની પૂજામાં,
તું ખોવાઇ ગઇ હોટલના ડિનરમાં...
હું શોધુ તને મઠિયા પૂરીમાં,
તું ખોવાઇ ગઇ નાસ્તાના પેકેટસમાં...
હું શોધુ તને ઘુઘરા મગસમાં,
તું ખોવાઇ ગઇ મોંઘી મીઠાઇમાં...
હું શોધુ તને કાર્ડની શુભેચ્છામાં,
તું ખોવાઇ ગઇ મોબાઇલના મેસેજમાં...
હું શોધુ તને સ્વજનોની હુંફમાં,
તું ખવાઇ ગઇ પાર્ટી પીકનીકમાં...
હું શોધુ તને ચાંદલીયા-લવિંગીયામાં,
તું ખોવાઇ ગઇ આતશબાજીમાં...
હું શોધુ તને આસોપાલવના તોરણમાં,
તું ખોવાઇ ગઇ બંધ દરવાજામાં...
હું શોધુ તને,
દિવાળી તું કયાં ખોવાઇ ગઇ

---

Mitroooooooo. Aa j 8 November
Yad chhe k
૫૦૦,૧૦૦૦
ની ચતુર્થ વરસી
કેટલો મોહક મારો દેખાવ
મને જોતાજ લોકો ઝૂમી ઉઠતા મને મેળવવા કેટકેટલાં ખેલ ખેલાતા
એક ગોઝારી ક્ષણે મારું અસ્તિત્વ મિટાવી દેવાનો નિર્ણય લેવાયો,અને હૂં હંમેશ ને માટે તમારાથી વિખૂટી પડી ગઈ
મને મેળવવા , મારો સાથ ઝંખતા લોકો ,મારો સાથ છોડાવવા દોડતાથઈ ગયેલાં
આજે ચતુર્થ વરસીએ મને યાદ કરનાર સૌનો ?થી આભાર.

વિભૂતિ દેસાઈ , ઘાસવાલા ,બિલીમોરા




8 नवम्बर 2020
चतुर्थ पुण्यतिथि पर भावपूर्ण श्रद्धांजलि

# બદ્રીનાથમાં ૩ ગુજરાતી મિત્રોની કાર ખીણમાં ખાબકી, એકનું મોત, એક ગુમ

બદ્રીનાથ,તા.૮

ઉત્તરાખંડ ફરવા ગયેલા સુરેન્દ્રનગરના ત્રણ યુવાનોને અકસ્માત નડ્યો હતો. તેમની ગાડી ૩૦૦ મીટર ઊંડી અલકનંદાની ખીણમાં પડી હતી. જેમાં એક યુવકનું મોત નીપજ્યું છે, બીજા યુવકને ગંભીર ઈજાઓ પહોંચી છે. જોકે, અન્ય એક યુવક અને ડ્રાઈવરની શોધખોળ હજી પણ ચાલુ છે. ઘટનાની જાણ થતા જ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ ઉત્તરાખંડના અધિકારીઓ સાથે વાત કરી હતી અને સુરેન્દ્રનગર શહેરના મહામંત્રી જગદીશભાઈ મકવાણાના સંપર્કમાં રહી ઝડપી કાર્યવાહી હાથ ધરાઈ છે.આ દુઃખદ સમાચાર મળતાજ સુરેન્દ્રનગર શહેર ભાજપનાં મંત્રી જગદીશભાઈ મકવાણા એ તુરંત એક ટીમ બનાવીને પ્લેન મારફતે દહેરાદૂન જવા રવાના કરી છે. મળતી માહિતી પ્રમાણે, સુરેન્દ્રનગરના મૃગેશ રાઠોડ, હિતેનદ્રસિંહ ચૌહાણ અને ક્રિપાલસિંહ ઝાલા નામના ત્રણ યુવક બદ્રીનાથ-કેદારનાથના દર્શને ગયા હતા. ત્યારે પાછા ફરતા સમયે તેમની ઈનોવા કાર ૩૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી.

## ફારૂખ અબ્દુલ્લાના નિવેદન પર સંજય રાઉત ભડકયા કહ્યું-

# હવે ભારતમાં કલમ ૩૭૦ અને ૩૫એ માટે જગ્યા નથી, JKNC ચીફ પાક જતા રહે

શિવસેનાના નેતા સંજય રાઉતએ જમ્મુ-કાશ્મીરના પૂર્વ સીએમ ફારૂખ અબ્દુલ્લાના નિવેદન પર નારાજગી વ્યકત કરતાં કહ્યું છે કે તેઓ પાકિસ્તાન જઈને કલમ ૩૭૦ લાગૂ કરાવે. સંજય રાઉતે કહ્યું કે હવે ભારતમાં કલમ ૩૭૦ અને ૩૫એ માટે કોઈ જગ્યા નથી અને નેશનલ કોન્ફરન્સના ચીફે પાકિસ્તાન જતા રહેવું જોઈએ અને ત્યાં તેને લાગૂ કરાવી જોઈએ. ફારૂક અબ્દુલ્લાએ પાછલા દિવસોમાં કાશ્મીર મામલાને લઈ ચીનની મદદ લેવાની વાત કહી હતી. ત્યારે પણ સંજય રાઉતે તેમના પર નારાજગી વ્યકત કરી હતી. સંજય રાઉતે કહ્યું હતું કે ફારૂખ અબ્દુલ્લા હોય કે મહેબૂબા મુફતી જો કોઈપણ ભારતના સંવિધાનને પડકારવા માટે ચીનની મદદ લેવાની વાત કરે છો તેમને ૧૦ વર્ષ માટે જેલ મોકલી દેવા જોઈએ. આપને જણાવી દઈએ કે આની પહેલાં ફારૂખ અબ્દુલ્લાએ જમ્મુમાં પાર્ટી સમર્થકોને સંબોધિત કરતાં કહ્યું હતું કે જ્યાં સુધી જમ્મુ-કાશ્મીર અને લદાખને તેમનો અધિકાર મળી જતો નથી, તેઓ મરશે નહીં. ફારૂખ અબ્દુલ્લા અને તેમના દીકરા અને પૂર્વ સીએમ ઉમર અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને હટાવ્યાના એક વર્ષ બાદ શુક્રવાર જમ્મુ પહોંચ્યા હતા. અહીં પાર્ટી કાર્યાલયમાં કાર્યકર્તાઓ અને સમર્થકોને સંબોધિત કરતાં ફારૂક અબ્દુલ્લાએ ઉપરોક્ત વાત કહી.

ફારૂખ અબ્દુલ્લાએ કહ્યું કે મુસ્લિમોને જો પાકિસ્તાન જવું હોત તો ૧૯૪૭ની પહેલાં જતા રહ્યા હતા ત્યારે અમે કહ્યું કે અમારો રસ્તો મહાત્મા ગાંધીના હિન્દુસ્તાનની તરફ હશે, ભાજપના હિન્દુસ્તાનની તરફ નહીં. તેમણે કહ્યું કે તેમની ઉંમર ૮૫ વર્ષની છે પરંતુ હજુ પણ જવાન છે. જ્યાં સુધી રિયાસતના લોકોને હક અપાવીશ નહીં ત્યાં સુધી હું સૂઈશ નહીં. મરતા પહેલાં કલમ ૩૭૦ પાછી લાવીશ, જ્યાં સુધી આ થશે નહીં ત્યાં સુધી મરીશ નહીં.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા- આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

NOG, સાહિત્ય સરિતા ( ૧ )
N.G. number - 39
વિષય - દિવાળી
વિભાગ - ગદ્ય - લેખ
શીર્ષક - દિવાળીએ દિલમાં દીવો

તહેવારોની ઉજવણી જીવન જીવવા માટેનો ઉત્સાહ પૂરો પાડે છે.ઘરેડમાં ચાલી રહેલી જિંદગીને નવી ઊર્જા આપે છે.આજની દોડધામ અને ટેંશન વાળી જિંદગીમાં તહેવારોની ઉજવણી માનવને થોડા હળવા અને ખુશ રાખે છે.

કોરોના મહામારીએ આપણી જીવનશૈલી બદલી નાંખી છે.આ એવી મહામારી છે જે સંક્રમણથી ફેલાય છે.જેના કારણે આજે માણસે માણસથી દૂર રહેવું જરૂરી બની ગયું છે.આ બિમારી માટે કોઈ રસી કે ચોક્કસ દવા હજુ સુધી શોધાઈ નથી.

આ કપરા કાળમાં તહેવારો ધામધુમથી ઉજવવાનું મુશ્કેલ બન્યું છે.દર વર્ષે ધામધુમથી ઉજવાતી નવરાત્રી સાદાઈથી પુરી થઈ.હવે દિવાળીના તહેવારો શરૂ થશે. લોકડાઉનના કારણે થોડી આર્થિક તંગી પણ લોકોમાં અને બજારમાં છવાઈ છે.બજારમાં દિવાળીની ખરીદીનો કોઈ ખાસ ઉત્સાહ જણાતો નથી.લોકો સાફ સફાઈ કરવા માંડ્યા છે પણ કોરોનાને ડરને કારણે દિવાળીના તહેવારોમાં એક બીજાને હૌંશથી મળતાં અને અરસ પરસ એકબીજાના ઘેર જતાં લોકો આ વખતે બહાર નીકળવાનું ટાળશે.

દિવાળીની સફાઈ, નવી નવી વસ્તુઓની ખરીદી, નવા કપડાં, નિતનવા નાસ્તા, રોજ રંગોળી, ફટાકડાના ધૂમ ધડાકા અને આ બધાની સાથે વહેંચાતી ખુશીઓ એ દિવાળીના દેવ ઉઠી અગિયારસથી લાભ પાંચમ સુધીના દિવાળીના દિવસોની રસમ છે.અમાસના અંધારાને નાના નાના દીવાથી દૂર કરવાનો આ પ્રયાસ ખૂબ આનંદદાયક અને આહલાદક છે.લોકો પોતાની શક્તિ પ્રમાણે ખર્ચ કરીને દિવાળી ઉજવે જ છે.

કોરોનાની મહામારીનો કારણે આ વખતે દિવાળીનો તહેવાર ફિક્કો રહેશે. આ સમયે આપણે પણ આપણાં હરખ ઉપર થોડો કાબુ રાખીને, સમયની માંગ પ્રમાણે સંક્રમકતા ટાળીને તહેવાર સાદાઈથી ઉજવવાનું નક્કી કરવું જોઈએ. કોરોનાને કારણે ઘણાની નોકરી જતી રહી, ઘણાને દેવું થઈ ગયું તો ઘણાએ પોતાની જરૂરિયાતો ઘટાડવી પડી.આવા લોકો દિવાળીનો તહેવાર ઉજવવા સક્ષમ નથી રહ્યાં ત્યારે આપણે પણ આપણા ખોટા ખર્ચા ઉપર કાપ મૂકીને, જીવન જરૂરિયાતી ચીજોથી જેઓ વંચિત છે એમને મદદ કરવી જોઈએ.એનાથી કેટલાયના ચહેરા ઉપર ખુશી આવશે. દીવાથી દીવો પ્રગટાવવો એટલે કે આપણો પ્રકાશ બીજાને વહેંચવો, ખુશી વહેંચવી, એમના આંસુ લૂછીને હાસ્ય આપવું એ જ સાચી દિવાળી કહેવાય.

આવો, આજે આપણે એક માનવીય સંકલ્પ કરીએ કે આ વખતે દિવાળી સાદાઈથી ઉજવીને, તેની પાછળ થતાં ખર્ચાઓ ઉપર કાપ મૂકીને જરૂરિયાતમંદોને મદદ કરીએ, લોકોના દિલમાં દીવા પ્રગટાવીએ અને સાચા માનવ બનીએ.આ કાર્ય કરવાથી જે ખુશી મળશે તે અવર્ણનીય અને અતુલ્ય હશે.

આ દિવાળીએ ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આવેલું સંકટ જલ્દી ટળી જાય અને લોકો સામાન્ય જીવન જીવતા થઈ જાય.

શુભ દિવાળી

પ્રફુલ્લા"પ્રસન્ના"અમદાવાદ

---------------------------------------

NOG No/0028
ન્યુઝ ઓફ ગાંધીનગર
વિષયઃ દિવાળી
વિભાગઃ પદ્ય
શીર્ષક : દિવાળી માનજો

દ્વેષના રાવણને સળગાવી દિવાળી માનજો,
રામ નામે દીપ પ્રગટાવી દિવાળી માનજો.
ના કરો ચિંતા કદી જીવન બનાવી દો સરળ,
આ ફિકરનો ભાર સરકાવી દિવાળી માનજો.
જો કદી પ્રિયજન તમારા રાહથી ભૂલા પડે,
તો દિશા સાચી બતાવી દિવાળી માનજો.
જિંદગીમાં જો કદી નારાજ થઇ છોડો સગા,
તો પછી પાછા એ અપનાવી દિવાળી માનજો.
માત આપી હારને જીતો બધી બાજી તમે,
માનજો.

ઝરણા રાજા. " ઝારા" ભરૂચ

---------------------------------------

NOG No / 0055
ન્યૂઝ ઓફ ગાંધીનગર
વિષય : દિવાળી
વિભાગ : ગદ્ય
શિર્ષક : " રોજ દિવાળી "

મહેશ અને અનુપ સગા ભાઈઓ , પણ કિસ્મત ૩૬ ના આંકડા જેવા ...મહેશને ઘરે લક્ષ્મી સમાય નહી અને અનુપ ના ઘરમાં લક્ષ્મી દેખાય નહિ, બાપા ના ગયા પછી તો મહેશ પાછો સારું કાઠું કાઢી ગયો પણ બીચારો નાનો અનુપ મા ની દવા દારૂ કરે, રોટલા ના ખર્ચા કાઢે ત્યાં તો હાંફી જાય...બે - છેડા માંડ ભેગા કરે, એમાંય આ વર્ષે તો ભૂકા બોલી ગયા, આ કાળમુખા ના લીધે થોડી ઘણી જમા પુંજી પણ વપરાય ગઈ.

એમાં રૂમઝુમતી દિવાળી આવી , અનુપ ને બીક બેઠી, દિવાળીનો ખર્ચો કેમ કાઢવો

એમાં મા એ પૂછ્યું, " એલા, કાં ઢીલો પડ્યો? " એનું મોઢું જોઈને જ એ અનુભવી ડોસી સમજી ગઈ. પોતાના વ્હાલસોયા દિકરા સમુ જોઈ બોલી, " અરે ગાંડા....જેના ઘર માં" મા " સચવાની, તેના ઘરમાં રોજ દિવાળી..."

આજે તેના મનમંદિર માં હજારો કોડિયાનું તેજ ઝગમગી ઉઠ્યું .....

શ્રદ્ધા ભટ્ટ વાપી






पीएम श्री @narendramodi, भाजपा राष्ट्रीय अध्यक्ष श्री @JPNadda और केंद्रीय गृह मंत्री श्री @AmitShah ने आज पार्टी के वरिष्ठ नेता आदरणीय आडवाणी जी के निवास स्थान पर जाकर उन्हें जन्मदिवस की शुभकामनाएं दी और उनका आशीर्वाद प्राप्त किया।

## અમેરિકા કેમ મહાસત્તા છે?



અમેરિકામાં ૩૦ વર્ષમાં પ્રથમવાર બન્યું કે વર્તમાન રાષ્ટ્રપ્રમુખ હારી ગયાં...

૨૦૧૬ માં ડોનાલ્ડ ટ્રમ્પને રાષ્ટ્રપ્રમુખ બનાવી વ્હાઈટ હાઉસ માં બેસાડયા પણ પછી વારંવાર જે બનાવો બન્યા તે અમેરિકાની લોકશાહીની મજબુતીની મિશાલ છે...

૧) વ્હાઈટ હાઉસની અંદર પત્રકાર પરિષદમા દુનિયાના સૌથી શક્તિશાળી દેશના સૌથી શક્તિશાળી માણસ ડોનાલ્ડ ટ્રંપને પત્રકાર પૂછે છે કે અત્યાર સુધી બોલેલા જૂઠ પર આપને કોઈ અફસોસ છે ?

ડોનાલ્ડ ટ્રંપે પત્રકારને પૂછ્યું કોણ જૂઠ બોલે છે ?

પત્રકાર નિડરતાથી જવાબ આપીને કહે છે : 'You'

પણ પત્રકાર પર રાષ્ટ્રદ્રોહનો કેસ નથી થયો...

૨) રાજ્યના ગવર્નર રાષ્ટ્રપ્રમુખની વિરુદ્ધ જઇ લોકડાઉન કરી શકે છે...

૩)એક રાજ્યના પોલીસ વડા રાષ્ટ્રપ્રમુખને કહે છે કે ડોનાલ્ડ ટ્રંપને સમજ ન પડતી હોય તો તેઓએ મોઢું બંધ રાખવુ જોઈએ...

૪) ન્યુઝપેપર્સ અને ઈલેક્ટ્રોનિક મીડિયા વિના સંકોચે ડોનાલ્ડ ટ્રંપ કેટલી વખત ખોટું બોલ્યા તેનો રેકોર્ડ રાખે - છાપે અને ટીવી પર દર્શાવી શકે...

૫) ન્યુઝ ચેનલો ચાલુ રાષ્ટ્રપ્રમુખના ભાષણ ને અધવચ્ચેથી જ બંધ કરી દે અને જાહેરાત કરે કે આ વ્યક્તિ સતત જુઠ ફેલાવી રહ્યો છે એટલે અમે તેનું પ્રસારણ બંધ કરીએ છીએ...

હવે વર્તમાન ભારત સાથે ઉપરોકત ઘટનાઓ સરખાવી જુઓ એટલે સમજાઈ જશે કે આપણે શું ભૂલ કરી રહ્યાં છીએ...

શાસક દ્વારા ફેલાવાતા જૂઠ - શાસકના દુર્ગુણ અને ખોટા નિર્ણયો સ્વિકાર કરવાને બદલે માત્ર પ્રશસ્તિ કરવાથી કોઈ દેશ વિશ્વની મહાસત્તા કે વિશ્વગુરૂ ન બની શકાય...

## ભ્રષ્ટાચાર મા ૭ વર્ષ ની જેલ

નવી દિલ્હીઃ

નવા ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ જાતિય સંબંધની માગ અને તેનો સ્વીકાર પણ હવે લાંચ ગણાશે. તે માટે ૭ વર્ષની સજા થઈ શકે છે. સુધારાયેલા ભ્રષ્ટાચાર વિરોધી કાયદામાં લાંચ શબ્દ માત્ર આર્થિક લાન્ચ કે ધનના સ્વરૂપે નહી ગણાય. આ અધિનિયમને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પાસેથી મંજૂરી મળ્યા બાદ કેન્દ્ર સરકારે તેનું નોટિફિકેશન બહાર પાડ્યુ હતું. ૨૦૧૮માં આ કાયદા દ્વારા ૩૦ વર્ષ જૂના ભ્રષ્ટાચાર નિવારણ કાયદામાં ફેરફાર કરાયો છે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું કે સુધારો કરાયેલ ભ્રષ્ટાચાર વિરોધી કાયદામાં લાંચની પરિભાષા માત્ર આર્થિક અથવા ધનના રૂપમાં આકલન લાયક સંપત્તિ સુધી મર્યાદિત રખાઈ નથી. ભ્રષ્ટાચાર વિરોધી (સુધારા) કાયદો, ૨૦૧૮માં 'અયોગ્ય લાભ' શબ્દ ઉમેરવામાં આવ્યો છે. રૂપિયાથી અલગ કોઈપણ ભ્રષ્ટાચારનો તેમાં સમાવેશ થશે. લાંચની વ્યાખ્યા વધુ વ્યાપક બનાવાઈઃ

મોંઘી ક્લબનું સભ્યપદ અને આતિથ્ય માણવું

મોંઘી ક્લબોનું સભ્યપદ અને આતિથ્યનો પણ તેમાં સમાવેશ કરાયો છે. પહેલા લાંચ આપનારા ભ્રષ્ટાચાર નિવારણ સંબંધી કોઈપણ કાયદા હેઠળ આવરી લેવાયા નહોતા. મફત એર ટિકિટ માંગવી કે મોંઘી હોટલમાં રોકાણની માંગ કરવી પણ લાંચ જ ગણાશે

સ્થાવર સંપત્તિ ખરીદવાનું ડાઉન પેમેન્ટ

સુપ્રીમ કોર્ટના સીનિયર એડવોકેટ જી. વેંકટેશ રાવે કહ્યું કે કોઈ ચીજવસ્તુ કે સેવા માટે કરાયેલી ચૂકવણી પણ આ વ્યાખ્યા હેઠળ આવે છે. એટલે કે જંગમ કે સ્થાવર સંપત્તિ ખરીદવા માટે કરાયેલું ડાઉન પેમેન્ટ કે ક્લબ માટેની કરાયેલી ચૂકવણી પણ હવે લાંચ ગણાશે.


કામના બદલામાં જાતીય સંબંધ પણ લાંચ

અધિકારીએ કહ્યું કે નવા કાયદા હેઠળ સીબીઆઈ જેવી તપાસ એજન્સીઓ જાતીય તુષ્ટિ અથવા નજીકના મિત્રો-સંબંધીઓને રોજગાર અપાવનારા અધિકારીઓ પર પણ કેસ નોંધી શકશે. નવા કાયદા હેઠળ ૭ વર્ષની સજાની જોગવાઈ ઉપર દર્શાવિલા કોઈપણ પેમેન્ટને લાંચ ગણવામાં આવશે. B.V.A.રાજેશ ભટ્ટ

## બ્રિટનમાં એક દિવસમાં ૪૧૩ સંક્રમિતોના મોત, અમેરિકામાં ૨૪ કલાકમાં ૧.૨૬ લાખ કેસ નોંધાયા

વોશિંગ્ટન,તા.૮

દુનિયામાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪.૯૬ કરોડથી વધુ થઈ ગયો છે. ૩ કરોડ ૫૨ લાખ ૩૪ હજાર ૧૨૦ દર્દી સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધી ૧.૫૫ કરોડથી વધુ લોકોના મોત થયા છે. આ આંકડા www.worldometers.info/coronavirus પ્રમાણે છે. અમેરિકા અને યૂરોપમાં સંક્રમણ જોખમી સ્તરે પહોંચી રહ્યું છે. બ્રિટનમાં શનિવારે ૪૧૩ સંક્રમિતોનું સારવાર દરમિયાન મોત થઈ ગયું છે. અમેરિકામાં સતત આઠમા દિવસે એક લાખથી વધુ કેસ નોંધાયા છે. બ્રિટનમાં સંક્રમણ બીજા યૂરોપિયન દેશોની જેમ સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. સરકારે




દેશના અમુક ભાગોમાં કર્ફ્યૂ લગાવી દીધો છે, પણ તેનો કોઈ ફાયદો નથી થઈ રહ્યો. શનિવારે અહીંયા ૨૫ હજારથી વધુ કેસ નોંધાયા છે. આનાથી પણ વધુ ચિંતાની વાત તો એ છે કે આ દરમિયાન ૪૧૩ સંક્રમિતોના મોત થયા છે. સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે તમામ વિરોધ છતા લોકડાઉન ખતમ કરવાનો કોઈ પ્લાન નથી. બ્રિટનમાં અત્યાર સુધી લગભગ ૫૦ હજાર લોકોના કોરોનાથી મોત થઈ ચુક્યા છે. બોરિસ જોનસન પર દબાણ છે કે તે દેશની શાળા અને વેપારને ખોલે. પણ મોત અને વધતા સંક્રમણને ધ્યાનમા રાખતા તેમને આવું કરવાનો ઈક્રાર કરી દીધો છે.

અમેરિકામાં સ્થિતિ ખરાબ થઈ રહી છે. શુક્રવારે રેકોર્ડ ૧ લાખ ૨૮ હજાર કેસ નોંધાયા હતા. શનિવારે આ આંકડો થોડોક ઘટીનેએક લાખ ૨૬ હજાર ૫૨ આવી ગયો હતો. મૃતકોનો આંકડો પણ એક હજાર વધી ગયો હતો. સતત ચોથા દિવસે આટલા મોત થયા હતા. હવે અમેરિકામાં જ એક કરોડથી વધુ કેસ નોંધાઈ ચુક્યા છે. અમેરિકન હેલ્થ ડિપાર્ટમેન્ટની ચિંતા એ છે કે સતત છઠ્ઠા દિવસે એક લાખથી વધુ કેસ નોંધાયા.મૃતકોનો આંકડો ૨ લાખ ૩૫ હજારથી વધુ થઈ ગયો છે. માયને, અયોવા, કોલોરોડો અને મિનેસોટામાં સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે.



જમાલપુરના કુખ્યાત સલીમખાન જુમ્માખાન પઠાણના ૧૦ માળની ફ્લેટની સ્કીમનાં ગેરકાયદેસર બાંધકામ , ઠે.સિટી સર્વે નં. ૭૬૬ (જમાલપુર-૧),સના એપાર્ટમેન્ટ -૭, રંગવાળી ચાલી, પુરબીયાવાડ, આસ્ટોડીયા, જમાલપુર વોર્ડને તોડી પાડવા અ.મ્યુ.કો. દ્વારા તા.૧૬-૧૭-૧૮ ઓક્ટોબર, ૨૦૨૦નાં રોજ પોલીસ બંદોબસ્ત માંગવામાં આવેલ, પરંતુ કોઈ કારણોસર બંદોબસ્ત મળેલ નહીં અને ભીનું સંકેલાઈ ગયેલ... ફરીથી આગામી ૧૦-૧૧-૧૨ નવેમ્બર,૨૦૨૦નાં રોજ અ.મ્યુ.કો. દ્વારા પોલીસ બંદોબસ્ત માંગવામાં આવેલ છે. હવે આ ગેરકાયદેસર બાંધકામ તૂટશે કે ફરીથી બિલ્ડર-કોર્પોરેશન-પોલીસની મીલીભગતથી ભીનું સંકેલાશે તે જોવાનું રહ્યું.....

## દમણપાલિકાની પંદર સીટ માટે ૫૧ ઉમેદવારો મેદાને, વોર્ડ નંબર નવમા સૌથી વધુ સાત ઉમેદવારો



દમણ,તા.૮

દમણમાં આ વખતની ચૂંટણીમાં પાલિકાની પંદર સીટ માટે ૫૧ ઉમેદવારો મેદાનમાં છે..જેમાં વોર્ડ નંબર નવમા સૌથી વધુ સાત ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ત્યારે જિલ્લા પંચાયતની કુલ ૧૬ ગ્રુપ ગ્રામ પંચાયતમાં સરપંચ માટે ૪૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે..જ્યારે બોર્ડના સભ્યો માટે ૧૯૯ ફોર્મ ભરાયા છે.

જેમાં સૌથી વધુ ૩૮ ફોર્મ મરવડ પંચાયત માટે ભરાયા છેપ ગ્રામ પંચાયતમાં સરપંચ અને સભ્યો માટે કુલ ૨૪૦ ફોર્મ ભરાયા છે. તો દમણ જિલ્લા પંચાયતની ૧૬ બેઠક માટે ૭૨ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. જેમાં સૌથી વધુ ડાભેલ બેઠક ઉપરથી સાત ઉમેદવારો મેદાનમાં છે..તમામ મતદાન કેન્દ્ર પર મતદાન કરવા માટેની ઉત્સુકતા મતદારોમાં જોવા મળી રહી છે. ત્યારે સાંસદ લાલુભાઈ પટેલે પત્ની તરૂણાબેન સાથે કચીગામ ગ્રામ પંચાયતની શાળા માં આવેલા મતદાન કેન્દ્ર પર મતદાન કર્યું હતું મતદાન કર્યા બાદ લાલુભાઈએ દમણ જિલ્લા પંચાયત અને નગરપાલિકાની તમામ સીટ પર ભાજપ વિજયી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સંઘપ્રદેશ દાદરાનગર હવેલી અને દમણ-દીવનાં કુલ ૭૨૬ મતદાન કેન્દ્રો ઉપર મતદારો મતદાન કરી રહ્યા છે.

આ માટે ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છેપદમણમાં કુલ ૨૦૪ મતદાન કેન્દ્ર તો દાદરા નગર હવેલીમાં ૪૭૧ મતદાન કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. સંઘપ્રદેશમાં કુલ ૩૮ ગ્રામ પંચાયતના સરપંચ ૩૫૦ ગ્રામ પંચાયતના સભ્યો અને ૪૪ પંચાયતની બેઠક માટે મતદાન કરવામાં આવી રહ્યું છે નગરપાલિકાની ૪૫ બેઠક માટે મતદાન કેન્દ્ર રાખવામાં આવ્યા છે.

## લાલુ પ્રસાદ યાદવની લથડી તબિયત, કિડની ફેલ થવાનો ખતરો

પટના,તા.૮

બિહાર વિધાનસભાની ચૂંટણી બાદના એક્ઝિટ પોલમાં આરજેડીના નેતા તેજસ્વી યાદવ આગળ હોવાનુ અનુમાન થઈ રહ્યુ તેવા સમયે ઝારખંડની રીમ્સ હોસ્પિટલમાં દાખલ થયેલા તેમના પિતા અને આરજેડીના અધ્યક્ષ લાલુ પ્રસાદની તબિયત લથડી છે. લાલુ પ્રસાદનુ શુગર લેવલ વધી ગયુ છે અને તેમનુ સીરમ ક્રિએટિનિન લેવલ પણ વધી રહ્યુ છે.ડોક્ટરોનુ કહેવુ છે કે, છેલ્લા કેટલાક દિવસથી લાલુ પ્રસાદ બહુ ચિંતિત અને પરેશાન રહે છે અને ક્રિએટિનિન લેવલ વધવા પાછળ આ એક કારણ હોઈ શકે છે.તેમની કિડની ૨૫ ટકા જ કામ કરી રહી છે અને જો તેમની સ્થિતિ સુધરી નહીં તો કિડની ફેલ થવાનો પણ ખતરો રહેલો છે.તેમને ડાયાલિસિસની જરુર પડી શકે છે.જો તેઓ કોરોના પોઝિટિવ ના હોત તો સારવાર માટે એમ્સમાં મોકલવામાં આવતા,તેમને સારવાર માટે બહાર મોકલવા પરિવારની સાથે રાજય સરકારની મંજૂરી પણ જરુરી છે.

## એચ-૧બી વીઝાની સીમા વધારી શકે છે બાઈડેન, ભારતીય વેપારીઓને થશે ફાયદો

વોશિંગટન,તા.૮

અમેરિકાના નિર્વાચિત રાષ્ટ્રપતિ જો બાઈડેન એચ-૧ બી સહિત અન્ય હાઈ સ્કીલ વીઝા સીમા વધારી શકે છે. આ ઉપરાંત તે વિભિન્ન દેશો માટે રોજગાર આધારિત વીઝાને કોટાને સમાપ્ત કરી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે આ બંને જ પગલાં હજારો ભારતીય ધંધાદારીને ફાયદો થશે. ડોનાલ્ડ ટ્રમ્પ વહિવટીતંત્રની કેટલીક નીતિઓથી ભારતીય ધંધાદારીઓ પર ખરાબ અસર પડી હતી. કમલા હૈરિસ અમેરિકાની નવી ઉપરાષ્ટ્રપતિ હશે. માનવામાં આવી રહ્યું છે કે બાઈડેન એચ-બી વીઝાધારકોના જીવનસાથી માટે વર્ક વીઝા પરમિટને રદ કરીને ટ્રમ્પ વહિવટીતંત્રના નિર્ણયને પણ પલટી શકે છે. ટ્રમ્પ વહિવટીતંત્રના આ નિર્ણયથી અમેરિકામાં વસવાટ કરતા ભારતીય પરિવાર પ્રભાવિત થયા છે. બાઈડેન વહિવટીતંત્રની યોજનાઅ એક મુખ્ય ઈમિગ્રેશન રિફોર્મ પર કામ કરવાની છે.

પ્રશાસન એકસાથે અથવા ટુકડાઓમાં આ સુધારાઓ લાગૂ કરી શકે છે. બાઈડેન અભિયાન દ્વારા જાહેર કરવામાં આવેલા દસ્તાવેજમાં કહેવામાં આવ્યું છે કે 'હાઈ સ્કીલના અસ્થાયીના ઉપયોગ પહેલાંથી અમેરિકામાં વિભિન્ન પદો પર કામ કરવા માટે હાજર ધંધાદારીઓની નિયુક્તિને હતોત્સાહિત કરવા માટે ન કરવામાં આવે.

## ભારત ચીન સરહદ પર તણાવ ઓછો કરવા ૮માં રાઉન્ડની વાતચીતમાં થઇ સમજૂતી

ન્યુ દિલ્હી,તા.૮

ભારત ચીન સરહદ પર ચાલી રહેલા બંને દેશો વચ્ચે તણાવને લઈને મોટા સમાચાર મળ્યા છે. ૮માં રાઉન્ડની કોર્પ્સ કમાન્ડર સ્તરની ચર્ચા બાદ ભારત અને ચીન સરહદ પર તણાવ ઘટાડવા માટે સહમત થયા છે. બંને દેશો તરફથી જાહેર કરવામાં આવ્યું છે કે ગેરસમજ દૂર કરવા અને પોતપોતાની સેનાઓને સંયમ જાળવી રાખવા માટે કહેવામાં આવશે. બંને પક્ષોએ સૈન્ય અને રાજનૈતિક ચેનલોના માધ્યમથી વાતચીત અને સંચાર બનાવી રાખવા માટે સહમતી વ્યક્ત કરી છે. આ બેઠકમાં ચર્ચાઓને આગળ ધપાવતા અય વિવાદિત મુદ્દાઓને પણ ખતમ કરવા માટે સહમતી બની છે જેથી સંયુક્તરૂપે સરહદી વિસ્તારમાં શાંતિ જાળવી શકાય. બંને દેશ ટૂંક સમયમાં બેઠકના વધુ તબક્કાની ચર્ચા માટે પણ સહમત થયા છે. જણાવી દઈએ કે છેલ્લા ૬ મહિનાથી ચીન સરહદ પર પૂર્વ લદાખમાં બંને દેશની સેનાઓ વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. ૧૪-૧૫ જુનની રાત્રીએ પૂર્વ લદાખમાં બંને સેનાઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. જેમાં ૨૦ જેટલા ભારતીય જવાનો શહીદ થયા હતા અને ચીની સેનાના પણ ૪૦થી વધુ લોકો માર્યા ગયા હતા.

### મોડાસા : ફરેડી ગામે યુવાનોએ

# સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે લોક સહયોગ થી રીડિંગ લાયબ્રેરી સ્થાપી,શારીરિક તાલીમ માટે મેદાન બનાવ્યું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

સોશ્યલ મીડિયાના માધ્યમથી ફરેડી ગામના યુવાનો સૌપ્રથમ એક બીજા સાથે જોડાયા પછી ગામના વિકાસ માટે યુવાનોને સમગ્ર ગામનો સહયોગ મળ્યો ગ્રામ્ય વિસ્તારોમાં છાપું પણ સમયસર પહોંચતું ન હોય ત્યાં યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે યુવાનો-યુવતીઓ માટે

લોક સહયોગથી કુદરતી વાતાવરણ ના થીમ આધારિત ફરેડી રીડિંગ લાયબ્રેરી ખુલ્લી મુકવામાં આવતા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાન-યુવતીઓમાં આનંદ છવાયો હતો ગ્રામજનોએ યુવકોની સરાહના કરી હતી .




યુવાન એટલે બોલેલું ધારેલું કરવાની શક્તિ જેનામાં રહેલી છે તે યુવાન.કહેવાય છે કે મન હોય તો માળવે જવાય આ કહેવતને સાર્થક કરતા અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ફરેડી ગામના સરકારી અને ખાનગી ક્ષેત્રે નોકરી રાજયના વિવિધ ઠેકાણે નોકરી કરતા યુવાનો લોકડાઉનમાં વતનમાં પહોંચ્યા પછી ગામના વિકાસ અને સમસ્યાઓ માટે ગામના યુવાનો,આગેવાનો અને વડીલોનું "મારું ફરેડી વિકાસશીલ" નામનું વોટ્સએપ્પ ગ્રુપ બનાવ્યા બાદ દરેક સમાજના ગ્રામજનોને સાથે રાખીને સંકલન કરી વિકાસશીલ કાર્યોની,ગામની સમસ્યાઓ અને ગામના યુવાનો ભવિષ્યમાં આગળ વધવા શું જરૂરિયાત છે તે વિષય પર મોબાઈલના વોટસએપ ના માધ્યમથી ચર્ચાઓ કરવામાં આવી ત્યારબાદ ગામના નવયુવાનો દ્વારા વિકાસના કાર્યો કરવા અને ગામની સમસ્યાઓને દૂર કરવા ગામના સર્વ સમાજના યુવાગૃપે ખભેખભા મિલાવીને ફરેડી ગામને વિકાસના કાર્યો કરવા આગેકૂચ કરી યુવાનો માટે આર્મી ,પોલીસ જેવી ભરતી માટે મેદાન તૈયાર કરવામાં આવ્યું.

ગામના યુવાનો અને યુવતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરી શકે અને વાંચન કરી શકે તે હેતુસર લાઈબ્રેરી નું ઉદઘાટન કરવામાં આવ્યું જેમાં ફરેડી ગામના સર્વ સમાજના લોકો ,આગેવાનો ,વડીલો,ગામની પ્રાથમિક શાળાના શિક્ષકો લાઈબ્રેરી ના ઉદઘાટન પ્રસંગે હાજર રહીને વિધાર્થીઓ માટે ખુલ્લી મૂકીને યુવાનોએ ઉમદા કાર્ય કર્યું છે.કહેવાય છે કે પુસ્તકાલય એટલે મનોમંથન,જ્ઞાન અને શિક્ષણ ની પરબ. પુસ્તકાલય એટલે સંસ્કૃતિનું સંગ્રહાલય.ત્યારે ફરેડી ગામના યુવાનો દ્વારા કરેલ નવીન ફરેડી રીડિંગ લાયબ્રેરી માં ગ્રામજનો દ્વારા આર્થિક સહયોગ અને સહકાર આપી યુવાનો ની આ કામગીરીને ગ્રામજનોએ બિરદાવી ને પ્રોત્સાહિત કર્યા હતા.અને ફરેડી ગામમાં સૌ પ્રથમ વાર લાયબ્રેરી થતા ગ્રામજનોએ હર્ષની લાગણી અનુભવી હતી.

### સોરઠને આઝાદી અપાવનારા આરઝી હકૂમત નાં સૈનિકોનાં સંભારણા કેશોદમાં થી ગૂમ

## આવનારી પેઢીઓ ને માહિતગાર કરવા અપાયેલી વસ્તુઓ વેચવામાં આવી કે ભેટમાં આપી રહસ્ય અકબંધ...

કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

સમગ્ર દેશમાં જયારે સ્વતંત્રતા ની ઉજવણી કરવામાં આવી રહી હતી ત્યારે સોરઠમાં નવાબી શાસન હેઠળ થી મુક્ત બનાવવા આરઝી હકૂમત નાં સૈનિકો જંગ લડી રહ્યા હતા. કેશોદના સ્વ રતુભાઈ અદાણી ની આગેવાની હેઠળ સોરઠનાં યુવાનો ઘર પરિવાર છોડીને જંગમાં ઝંપલાવ્યું હતું. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર આરઝી હકુમત ની લડાઈ માં જુનાગઢ નાં નવાબને ભગાડવામાં ખુલ્લી મદદ કરી શકે એવી સ્થિતિ માં નહોતી ત્યારે સોરઠનાં દરેક વિસ્તારોમાં થી સૈનિકો માટે તમામ પ્રકારની મદદ કરવામાં આવી હતી અંતે નવમી નવેમ્બર નાં રોજ જુનાગઢ જીલ્લો નવાબી શાસન માં થી આઝાદ થયેલ હતો. આરઝી હકુમત નાં સરસેનાપતિ રતુભાઈ અદાણી કેશોદ ખાતે સોરઠ ક્ષયનિવારણ સમિતિ હેઠળ જીવલેણ ટીબી નાં રોગીઓને બચાવવા મેડિકલ સુવિધા ઉપલબ્ધ કરીને કેશોદ ઉપરાંત આસપાસના વિસ્તારોમાં હોસ્પિટલ શરૂ કરી હતી. આરઝી હકુમત નાં સૈનિકો નાં સંભારણા કાયમી ધોરણે મ્યુઝિયમ સ્વરૂપે જળવાઈ આવનારી પેઢીઓ ને માહિતગાર અને પ્રેરણાદાયક બની શકે એવાં હેતુથી ઉના ટીબી હોસ્પિટલ સંકુલમાં બનાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. સ્વ. રતુભાઈ અદાણી સાથે આરઝી હકૂમત ની જંગમાં જોડાયેલાં સેનાનીઓ ને કે તેઓનાં પરિવારજનો ને જાણ કરી કોઈપણ વસ્તુઓ આપવા અપીલ કરવામાં આવી હતી અને સૌ સેનાનીઓ દ્વારા આરઝી હકૂમત ની ચળવળ ની સ્મૃતિઓ સદુપયોગ માટે અર્પણ કરી હતી. રાજ્ય સરકારે ટીબી હોસ્પિટલ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવતાં ઉના ખાતે આવેલી ટીબી હોસ્પિટલ બંધ થતાં તમામ સાધન સામગ્રી કેશોદ ટીબી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં અને આરઝી હકૂમત નાં સૈનિકોનાં સંભારણા કેશોદમાં મ્યુઝિયમ સ્વરૂપે જળવાઈ રહે એવો હેતુ સફળ બનાવવા અક્ષયનાથ મંદિર પાસે હોલ બનાવવામાં આવેલ હતો. આરઝી હકૂમત નાં સરસેનાપતિ અને સ્વાતંત્ર્ય સેનાની અને સામાજિક રચનાત્મક આગેવાન રતુભાઈ અદાણી નો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન થયો અને પ્રથમ હરોળના અંગત વ્યક્તિઓ સેવાકીય પ્રવૃતિઓ રચનાત્મક પ્રવૃત્તિઓ ની ઉપર ઉઠીને વ્યવસાયિક ધોરણે સમગ્ર સોરઠમાં આવેલી જંગમ મિલકતો અને સ્થાવર મિલ્કતો પોત પોતાની સંસ્થાઓ સાથે જોડીને સિધ્ધાંતો અને ડહાપણ નેવે મુકવામાં આવતાં કેશોદ ખાતે ની સંસ્થા ધાર્મિક સંસ્થા સાથે જોડાણ કરવામાં આવતાં વ્યાપારીકરણ બની ગયું છે. આરઝી હકૂમત નાં સૈનિકોનાં સંભારણા કેશોદમાં મ્યુઝિયમ સ્વરૂપે જળવાઈ રહે તે હેતુથી જુદા-જુદા વિસ્તારોમાં થી સેનાનીઓ દ્વારા આપવામાં આવેલા તેનો ઉપયોગ કરવામાં ન આવતાં કોઈ પ્રકારની નક્કર કાર્યવાહી ન થતાં જવાબદાર વ્યક્તીઓ ને પુછપરછ કરવામાં આવતાં ઉડાઉ જવાબ આપવામાં આવે છે ત્યારે આધારભુત સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પૌરાણિક હથીયારો જવાબદાર વ્યક્તીઓ નાં ડ્રોઈંગ રૂમમાં શોભા વધારી રહ્યા છે અને અમુક ભેંટ માં આપવામાં આવ્યા છે ત્યારે જુનાં ફોટાઓ, પ્રશસ્તિ પત્ર, કપડાં,અખબારો, પુસ્તકો, જેવી દુર્લભ વસ્તુઓ ભંગારમાં કે સ્ટોરમાં ધુળધાણી થઈ ગયાં છે. આજે નવમી નવેમ્બર જુનાગઢ આઝાદી દિવસે સંસ્મરણો વાગોળીને રાષ્ટ્રભક્તિ નો દેખાડો કરવાને બદલે બચેલી દુર્લભ વસ્તુઓ નો સદુપયોગ કરી કેશોદ ખાતે મ્યુઝિયમ બનાવી સ્વ રતુભાઈ અદાણી નું સ્વપ્ન સાકાર કરી સાચી શ્રદ્ધાંજલિ આપે એવું રાષ્ટ્રભક્તો માં ચર્ચાઈ રહ્યું છે.

### ઈન્ટરનલ માર્કસની કરી લ્હાણી? મોડાસાની ૧૭ સહિત જીલ્લાની ૩૦ શાળાઓમાં તપાસ

# ધો.૧૦ માં નાપાસ વિદ્યાર્થીઓને ઈન્ટર્નલ પરીક્ષામાં ૨૦ માંથી ૨૦ અપાતા શિક્ષણ વિભાગ ચોંકયુ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

તાજેતરમાં રાજ્યના માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવાયેલી ધોરણ-૧૦ ની પરીક્ષા તેના પરિણામ ને લઈ વિવાદમાં સપડાઈ છે. વિદ્યાર્થીઓની પરિક્ષાનું પરિણામ જાહેર પણ થયું અને માર્કશીટ પણ વિદ્યાર્થીઓ સુધી પહોંચી ગઈ છે ત્યારે માંડે માંડે શિક્ષણ વિભાગની ઉંઘ ઉડી હોય તેમ પરિણામ માં શાળાઓ દ્વારા અપાયેલા ઈન્ટરનલ માર્કસમાં કૌભાંડ હોવાનું સામે આવ્યું છે.નાપાસ થયેલ વિદ્યાર્થીઓને ઈન્ટરનલ માર્ક્સની લ્હાણી કરવામાં આવી છે શિક્ષણ વિભાગે પરિણામ બાદ કરેલા વિશ્લેષણાત્મક અભ્યાસ બાદ તપાસ કરતા સમગ્ર રાજ્યમાં ધો.૧૦ માં બોર્ડની પરીક્ષામાં ઈન્ટર્નલ માર્કની લ્હાણી કરવામાં આવી હોવાનું ધ્યાને આવતા ઈન્ટરનલ માર્ક્સની લ્હાણી કરનાર તપાસના આદેશ છૂટ્યા છે અરવલ્લી જીલ્લામાં ૩૦ શાળાઓમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ શંકાના દાયરામાં આવતા એજ્યુકેશન ઈન્સ્પેક્ટર દ્વારા તપાસ હાથધરવામાં આવી છે

માર્ચ-૨૦૨૦ માં યોજાયેલ ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષા ઈન્ટરનલ માર્ક આપવાની પદ્ધતિમાં ગ્રેસિંગથી પાસ થયેલા તેમજ કેટલાક નાપાસ વિદ્યાર્થીઓને ઈન્ટરનલ માર્કની કરાઈ લ્હાણી કરવામાં આવી હોવાનું સામે આવતા શિક્ષણ વિભાગ ચોંકી ઉઠ્યું છે અને રાજયના તમામ જિલ્લા શિક્ષણ અધિકારી ઓને તપાસના આદેશ આપ્યા છે. માર્ચ-૨૦૨૦માં લેવાયેલી ધોરણ-૧૦ બોર્ડનું પરિણામ ઈન્ટરનલ માર્ક આપવાની પદ્ધતિને લીધે વિવાદોમાં ઘેરાયું છે ધોરણ-૧૦માં ગ્રેસિંગથી પાસ થયેલા તેમજ કેટલાક નાપાસ વિદ્યાર્થીઓને ઈન્ટરનલ માર્કની લ્હાણી કરી દેવાઈ છે. આવા કેટલાક વિદ્યાર્થીઓને શાળાએથી ૧૬ થી લઈ પૂરે પૂરા ૨૦ માર્ક આપી દેવાયા છે.

અંગે જિલ્લા શિક્ષણ અધિકારી ગાયત્રી બેન પટેલના જણાવ્યા અનુસાર,અરવલ્લી જીલ્લાની ૧૬ ગ્રાન્ટેડ અને ૧૪ ખાનગી શાળાઓમાં અંદાજે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓના ઈન્ટરનલ માર્કની તપાસ કરવામાં આવશે. ધો.૧૦ ની બોર્ડની પરીક્ષામાં પરિણામમાં જોવા મળેલ વિસંગતતામાં એજ્યુકેશન ઈન્સ્પેકટરો સ્થળ તપાસ કરશેનું જણાવ્યું હતું

અત્રે ઉલ્લેખનીય છે કે, પરીક્ષા બાદ પરિણામ પણ આવી ગયા છે ત્યારે હવે તપાસનો શુ મતલબ રહશે. શુ એ વિદ્યાર્થીઓના પરિણામ પર અસર પડશે કે શાળાઓએ પોતાની શાળાનું પરિણામ ઊંચું લાવવા આ પ્રકારે વિદ્યાર્થીઓને માર્કસ આપી દેવાયા છે તે તપાસનો વિષય બની રહેશે જેને પગલે વિદ્યાર્થી અને વાલીઓના જીવ ઊંચા થયા છે. મહત્વનું છે કે, રાજયમાં જિલ્લા શિક્ષણ અધિકારીને તપાસના આદેશ આપવામાં આવતા હવે તપાસ તેજ કરવામાં આવી છે અને બે દિવસમાં તપાસનો રિપોર્ટ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને સોંપવામાં આવશે. જોકે આ તપાસના રિપોર્ટ બાદ શિક્ષણ વિભાગ આવી શાળાઓ સામે કેવા પગલાં ભરે છે તે જોવું રહ્યું.

# કેશોદ માં ઓનલાઈન માલ વેચતી કંપની સામે વેપારીઓમાં રોષ




કેશોદ : (રાજુભાઈ પંડ્યા)

કેશોદના વેપારીઓ દ્વારા ઓનલાઈન કંપની ઓ દ્વારા અનેક મુશ્કેલીઓ જોવા મળી રહી છે જેમકે હાલમાં દિવાળી જેવા પાવન પર્વ પર અનેક કંપની ઓની ચિંટર ગેંગ સક્રિય થઈ રહી છે જેમાં ઓનલાઈન ખરીદી ને લઈ કેશોદ ના લોકો પણ અગાવ છેતરાયા હોવાના બનાવો બન્યા છે જેમાં વેપારીઓ દ્વારા પણ અલગ અલગ વ્યથાઓ અને અનેક મુશ્કેલીઓ વેઠી રહ્યાં છે કેશોદના વેપારીમાં ક્યાંકને નારાજગી જોવા મળી રહી છે. કેશોદ શહેરમાં કોરોના મહામારી વચ્ચે તમામ વેપારીઓએ ઉદારતા દાખવી સામાજિક સેવાકીય પ્રવૃતિઓ કરતી સંસ્થાઓને આર્થિક સહાય કરીને બે ટંક ભોજન અને અન્ય સહાયતા પહોંચાડી હતી.

વધુમાં કેશોદ શહેર વેપારી મંડળ નાં પ્રમુખ રાજુભાઈ બોદર દ્વારા જણાવ્યું હતું કે શક્ય હોય ત્યાં સુધી સ્થાનિક વેપારીઓ પાસે જ દરેક ખરીદી કરવામાં આવે તેવું પણ સૂચન કરવામાં આવી રહ્યું છે.

જેથી ખરીદી કરતા દરેક લોકો ને સારી વસ્તુઓ મળી શકે અને કોઈ પણ ગ્રાહક સાથે કોઈ પણ પ્રકારના છેતરપીંડી ના બનાવો ન બને ત્યારે કેશોદ વેપારીઓની એકજ માંગ છેકે વિદેશી છોડી સ્વદેશી અપનાવામાં આવે. ચાલું વર્ષે લોકડાઉન અને લગ્ન પ્રસંગો મોફુક રહેવાથી વેપારીઓ મંદી સામે લડી રહ્યા છે ત્યારે સ્થાનિક બજાર ને સમૃદ્ધ બનાવવા સ્થાનિક લોકોએ આગળ આવવું પડે એ સમય ની જરૂરિયાત છે.

# દિવાળી પહેલા આતંકી હુમલાનું એલર્ટ, અમદાવાદમાં પોલીસ પેટ્રોલિંગ વધારાયુ

સુરત,તા.૮

દિવાળી પૂર્વે અમદાવાદનાં અનેક વિસ્તારોમાં એસઓજીની (જીંય) ટીમે બીડીડીએસ અને ડોગ સ્ક્વોડને સાથે રાખીને ચેકીંગ કર્યું છે. ભદ્ર વિસ્તાર ભીડભાડ વાળો હોવાથી અને આઈબીનું પણ ઈનપુટ હોવાથી એસઓજી તરફથી તહેવાર પૂર્વે આ ચેકીંગ કરાયું હતું. ડોગ સ્કવોડ અને બીડીડીએસ ની ટિમ પહોંચતા જ ખરીદી કરવા આવેલા લોકોમાં કુતૂહલ સર્જાયું હતું. જોકે પોલીસે અને અન્ય ટીમે ચેકીંગ કરતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. દિવાળીને લઈને આઈબીએ તાજેતરમાં એલર્ટ જાહેર કરાયુ છે. આતંકી હુમલા ને લઈને આ એલર્ટ આપતા પોલિસે ભીડભાડ વાળા વિસ્તારોમાં ચેકીંગ કર્યું હતું.

દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી હોવાથી શહેરની તમામ એજન્સીઓ એલર્ટ બની ગઈ છે. કોઈ અન ઈચ્છનીય બનાવ ન બને તે માટે એલર્ટ આપવામાં આવતા તમામ ભીડભાડ વાળી જગ્યાઓ પર તપાસ કરાશે. એસઓજીની ટીમે આજે ભદ્ર બજારમાં તપાસ કરી હતી. ભીડભાડ વાળા વિસ્તાર એવા ભદ્ર બજારમાં એસઓજી ની ટિમ એ સરપ્રાઈઝ ચેકીંગ કરી બીડીડીએસ અને ડોગ સ્ક્વોડ દ્વારા અહીં વેપારીઓના તમામ સામાન અને વાહનો ચેક કરવામાં આવ્યા હતા. તો આગામી દિવાસોમાં હોટલ, ધાબા ચેકીંગ અને મોલ માં પણ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરાશે. સાથે સાથે પોલીસ કમિશનરે ફટાકડા ને લઈને જાહેરનામું બહાર પાડતા તમામ દુકાનદારો ની સુરક્ષા એજન્સીઓએ વિગતો મંગાવી છે.

ધ્વનિ અને વાયુ પ્રદુષણ કરતા તથા વિદેશી ફટાકડા વેચનાર સામે પણ આગામી દિવસોમાં કાર્યવાહી કરાશે. પોલીસની બાજ નજર અમદાવાદના ભીડભાડાવાળા વિસ્તારો પર છે ત્યારે પોલીસે આજે બોમ્બ ડિફ્યૂઝ અનેડિસ્પોઝિબલ સાધનો સાથે ચેકિંગ કર્યુ હતું જોકે, બજારમાં દિવાળીને લઈને ભીડ હોવાથી લોકોમાં આશ્ચર્ય સર્જાયું હતું. ઉલ્લેખનીય છે કે ઈન્ટેલિજન્સ બ્યૂરો દ્વાલા સમયાંતરે એલર્ટના મેસેજ આપવામાં આવતા હોય છે, ત્યારે અનેક વાર સુરક્ષા એજન્સીઓના આવા મેસેજને અવગણવા ભારે પડી જાય છે ત્યારે પોલીસે દુર્ઘટના પહેલાં જ સાવચેતીની સ્ટ્રેટેજી અપનાવી છે.



ગાંધીનગરના દહેગામથી પોતાના વતન દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના દસલા ગામે ૨૦ વર્ષીય સગર્ભા મહિલા એસટી બસમાં બેસીને નીકળ્યા હતા, ત્યારે જ પ્રસુતીની પીડા શરૂ થતા એસ.ટી.બસના ડ્રાઈવરે સમય સૂચકતા દાખવીને મુસાફરો ભરેલી બસ સીધી સરસણ ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તરફ લીધી હતી. ફોટો સ્ટોરી . કુશલ ભટ્ટ



સિધ્ધપુરમાં મંડી બજાર ચોક મધ્યે બિરાજમાન શ્રી દુધલીમલ ગુરૂમહારજના સ્થાનકે પ્રતિ વાર્ષિક સિધ્ધપુર મહાજન દ્વારા સિધ્ધપુર શહેરની સુખાકારી અને મહામારી નાબૂદ થાય તે માટે યાગ કરાય છે. જે યાગ રવિવારે વેદાંગરાય ભટ્ટ પરિવારના આચાર્ય હર્ષદભાઈ દ્વારા યજમાન ધર્મેન્દ્ર ભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ દ્વારા સોશિયલ ડિસ્ટનસ રાખી યાગ કરવામાં આવ્યો હતો. દર્શનનો લાભ લેવા શહેરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પાટણ કલેકટર સુપ્રિતસિંહ ગુલાટી અને સુરત કલેકટર ધવલ પટેલે


# સિધ્ધપુરની વ્હોરવાડના પ્રખ્યાત વાઘશેઠના મકાનની મુલાકાત લીધી



સિધ્ધપુરના વ્હોરા સમાજના મકાનો વિશ્રૃવ પ્રખ્યાત છે, આ મકાનોની બારીક નકશી અને બેજોડ કારીગરી જોવા દુનિયાભર માંથી લોકો સિધ્ધપુર આવે છે. જિલ્લા અને રાજયના ઉચ્ચ અધિકારીઓ પણ આ મકાનો જોવા આવે છે.

આજે આ સિલસિલો આગળ વધારતાં પાટણ જિલ્લાના નવનિયુકત કલેકટર સુપ્રિતસિંહ ગુલાટી અને સુરત કલેકટર ધવલભાઈ પટેલ તેમના ધર્મપત્ની સાથે સિધ્ધપુરના મહેમાન બન્યા હતા અને મોટા ઈસ્લામપુરા સ્થિત વાઘશેઠના સુપ્રસિધ્ધ મકાનની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન સિધ્ધપુર પ્રાંત અધિકારી ડૉ. સુપ્રિયા ગાંગુલી તથા મામલતદાર કનકસિંહ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વ્હોરા સમાજના અગ્રણી જનાબ યુસુફભાઈ ઘીવાલા અને અગ્રણી વેપારી સબ્બીરભાઈ મીઠાઈવાલાએ તમામને આવકારીને પુષ્પગુચ્છ આપી અને શાલ ઓઢાડીને સ્વાગત કર્યુ હતુ. અધિકારીઓ મકાનની અલભ્ય બારીક નકશી અને બેનમૂન કાષ્ટ કારીગરીને જોઈને અચંબિત થયા હતા અને વ્હોરવાડના સ્થાપત્યના ખૂબજ વખાણ કર્યા હતા. અધિકારીઓએ વાઘશેઠના મકાનમાં તસ્વીરો લઈને મુલાકાતને યાદગાર બનાવી હતી. સિધ્ધપુરની આ ભવ્ય વિરાસતને લંપટ બિલ્ડરો અને અસમાજિક તત્વોના હાથે તૂટતી લૂંટાતી બચાવવા જિલ્લા કલેકટર અને નગરપાલીકા સહિતનું તંત્ર સખત પગલાં લે તેમજ સરકારમાં આ વિસ્તાર અને ખાસ પસંદગીના મકાનોને હેરીટેજ જાહેર કરાવે તો સિધ્ધપુર ટુરીજમ ના નકશા ઉપર જળવાઈ રહેશે અન્યથા ભવિષ્યમાં આ મકાનોના ફોટા જ જોવાનું નસીબ થશે અને આવનારી પેઢીઓ ધિકકારશે તે નકકી.

# દિવાળી અને શિયાળાની શરૂઆતમાં સૌરાષ્ટ્રમાં કોરોનાએ ફરી ઉચક્યું માથું



રાજકોટ,તા.૮

દિવાળીના તહેવારની ખરીદી અને શિયાળાની શરૂઆત થતાની સાથે જ કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે. રાજ્યમાં ઘણે અંશે કાબુમાં આવેલો કોરોના વાયરસ ધીમે ધીમે ફરી માથુ ઉંચકી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં પણ કંઈક આવી જ સ્થિતિ છે. સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગરમાં કોરોનાનું સંક્રમણ વધવા લાગ્યું છે. સાથો સાથ મૃતાંક પણ વધી રહ્યો છે. છેલ્લા ૨૪ જ કલાકમાં સૌરાષ્ટ્રમાં કોરોના વાયરસના ૨૨૯ કેસ નોંધાયા છે અને ૮ લોકોના મોત નિપજ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાત રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણ નિયંત્રણમાં આવતુ હોય તેવું લાગી રહ્યું હતું. રાજ્યમાં ૨૪ કલાકમાં નોંધાનારા કોરોનાના કેસોની સંખ્યા ઘટીને ૧૦૦૦ની અંદર આવી ગઈ હતી. પરંતુ દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખી લોકો ખરીદી કરવા લાગ્યા છે. ખરીદી દરમિયાન સોશિયલ ડિસ્ટેંસિંગ અને માસ્ક પહેરવાના નિયમોનું ઉલ્લંઘન કર્યાના અનેક ઉદાહરણો સામે આવ્યા છે. જેના કારણે કોરોના વાયરસનો ફેલાવો અનેકગણો વધી ગયો છે. આ ઉપરાંત આ વખતે રાજ્યમાં શિયાળાની પણ શરૂઆત થઈ ગઈ છે. દર વર્ષ કરતા આ વખતે ઠંડી વહેલી પડવાની શરૂ થઈ ગઈ છે.

જેના કારણે પણ શ્વાસ સંબંધી મુશ્કેલીના કારણે કોરોના વાયરસનું સંક્રમણ રાજ્યમાં વધી રહ્યું છે. જેની અસર સૌરાષ્ટ્રમાં પણ વર્તાવવા લાગી છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રમાં ૨૨૯ કેસ નોંધાયા હતાં. જ્યારે ૮ લોકોના મોત થયા હતાં. સૌરાષ્ટ્રમાં ૨૪ કલાકમાં ૨૪૨ દર્દી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જામનગરમાં કોરોનાના ૨૩ કેસ નોંધાયા છે. તો જૂનાગઢમાં ૨૦, મોરબીમાં ૧૫, ગીર સોમનાથમાં ૧૦ કેસ નોંધાયા છે. તો અમરેલીના ૧૨, ભાવનગરના ૧૧, સુરેન્દ્રનગરના ૨૦ લોકો કોરોનામાં પટકાયા છે. જ્યારે રાજકોટમાં ૨ અને જામનગરમાં ૬ દર્દીના મોત નિપજ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.